RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ - ૩ | શનિવાર તા.૧૫-૦૮-૨૦૨૬ | અંક : ૧૯૪ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# મોદીનું ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત બનાવવાનું સ્વપ્ન



## વડાપ્રધાન મોદીએ લાલ કિલ્લા પર રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો, પહેલીવાર વંદે માતરમ્‌નું ગાન થયું

નવીદિલ્હી,

ભારત આજે તેનો ૮૦મો સ્વતંત્રતા દિવસ ઉજવી રહ્યો છે. દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લા પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ રાષ્ટ્રીય સમારોહ રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ્'ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે વિશેષ થીમ પર આયોજિત કરાયો હતો જેમાં વડાપ્રધાને ધ્વાજવંદન કર્યુ હતું આ સાથે ૨૧ તોપોની સલામી આપવામાં આવી હતી. અને પ્રથમ વાર વંદેમાતરમ ગવાયું હતું. પીએમ મોદીએ રાષ્ટ્રને સંબોધિત કરતા કહ્યું કે, ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત બનાવવાનું એ ભારતનું એક સૌથી મોટું સપનું છે. આ સપનું ૧૪૦ કરોડ ભારતીય નાગરિકોની તાકાત અને તેની સંકલ્પથી પ્રેરિત હશે.

લાલકિલ્લાની પ્રાચીર પરથી ૮૦મા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે રાષ્ટ્રજોગ સંબોધન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને મોટા સ્વપ્નો અને ઊંચા સંકલ્પો સાથે આગળ વધવા આહ્વાન કર્યું હતું. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે હવે દેશ નાના સ્વપ્નોથી ચાલે તેમ નથી, કારણ કે મોટા સ્વપ્નો આપણી વિચાર સરણીને વિસ્તાર આપે છે અને દ્રઢ સંકલ્પો વિકટ પરિસ્થિતિઓ વચ્ચેથી પણ માર્ગ કાઢવાનું સામર્થ્ય પૂરું પાડે છે. જ્યારે આપણા લક્ષ્યો અને પ્રયાસોની ઊંચાઈ વધશે ત્યારે જ આપણે સમર્થ અને મહાન ભારતના સ્વપ્નને સાકાર કરી શકીશું.

સ્વતંત્રતા દિવસના પર્વે લાલ કિલ્લા પરથી રાષ્ટ્રજોગ સંબોધન કરતી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં હિંસા અને અરાજકતા ફેલાવતી માનસિકતા સામે લાલ આંખ કરી હતી.

તેમણે જણાવ્યું કે જંગલોમાંથી સશસ્ત્ર નક્સલવાદ અને માઓવાદી હિંસા હવે અંતિમ શ્વાસ લઈ રહી છે.




# અમરેલીમાં ૮૦મા સ્વતંત્રતા પર્વે મુખ્યમંત્રીની મહત્વપૂર્ણ જાહેરાતો

## ગ્રામ્ય પરિવારોને ખાનગી જમીન ખરીદીને પણ વિનામૂલ્યે ઘરથાળના પ્લોટ અપાશે

અમરેલી,

આજે અમરેલી ખાતે ૮૦મા સ્વતંત્રતા પર્વ નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાષ્ટ્ર ધ્વજને સલામી આપ્યા બાદ ઉપસ્થિત લોકોને સંબોધન કરતા જણાવ્યૂ હતું કે રાજયના નાગરિકોની સુવિધા અને સુખાકારીને ધ્યાનમાં રાખીને અનેક મહત્વપૂર્ણ જાહેરાતો કરી છે. ગ્રામ્ય વિસ્તારોમાં પાત્રતા ધરાવતા પરિવારોને આવાસ માટે વિનામૂલ્યે ઘરથાળના પ્લોટ મળી રહે તે માટે રાજ્ય સરકાર હવે ખાનગી જમીન ખરીદીને પણ પ્લોટ ફાળવશે.

રાજયના ગ્રામ્ય વિસ્તારોમાં પાત્ર પરિવારોને રહેણાંક માટે વિનામૂલ્યે ઘરથાળનો પ્લોટ આપવાની યોજના અમલમાં છે. જોકે ગામતળ, સરકારી પડતર, ખરાબા કે ગૌચરની પૂરતી જમીન ઉપલબ્ધ ન હોય તેવા સંજોગોમાં સરકાર ખાનગી જમીન ખરીદીને આવા પરિવારોને વિનામૂલ્યે પ્લોટ ફાળવશે. વધતી વસ્તી અને કુટુંબોના વિસ્તરણને કારણે આવાસની વધતી જરૂરિયાતને પહોંચી વળવા આ નિર્ણય લેવાયો છે.

રાજયમાં મજબૂત અને ગુણવત્તાયુક્ત રોડ નેટવર્ક વિકસાવવા માટે માર્ગ અને મકાન વિભાગ હસ્તકના ૨૧૪ રસ્તાઓના કુલ ૨૦૧૦ કિલોમીટરના નવિનીકરણ અને સુધારણા માટે રૂ. ૩૪૨૮ કરોડની ફાળવણી કરવામાં આવશે.



તસવીર : મિલાપ રૂપારેલ









# દેશભક્તિના રંગે રંગાયું જામનગર : 'તિરંગા યાત્રા'માં નગરજનો ઉત્સાહભેર જોડાયા





તસવીર: સુનિલ ચુડાસમા

## તિરંગા યાત્રામાં પોલીસ અશ્વ દળ, પોલીસ બેન્ડ, ડોગ સ્કવોડ, આર્મી, એરફોર્સ, નેવીના પ્લાટુન તથા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ બની આકર્ષણનું કેન્દ્ર

જામનગર : સમગ્ર દેશમાં ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની ભવ્ય ઉજવણીના ભાગરૂપે ચાલી રહેલા ''હર ઘર તિરંગા'' અભિયાન અંતર્ગત જામનગર જિલ્લા વહીવટી તંત્ર અને જામનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે શહેરમાં ભવ્ય ''તિરંગા યાત્રા''નું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ તેમજ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના કેબિનેટ મંત્રી તથા જામનગર જિલ્લાના પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ યાત્રામાં ૭ હજારથી વધુ જામનગરવાસીઓએ અભૂતપૂર્વ ઉત્સાહ સાથે જોડાઈ રાષ્ટ્રભક્તિનો અનોખો માહોલ સર્જ્યો હતો.

'વંદે માતરમ્'ની ભાવનાને સમર્પિત આ ભવ્ય તિરંગા યાત્રામાં ભારત માતા પ્રત્યેની અખંડ શ્રદ્ધા, દેશપ્રેમ અને રાષ્ટ્રગૌરવની ભાવના પ્રબળ બની હતી. હાથમાં શાનથી લહેરાતા તિરંગા અને 'વંદે માતરમ્'ના ગગનભેદી નાદ સાથે સમગ્ર જામનગર જાણે રાષ્ટ્રભક્તિના રંગે રંગાયુ હતું. મહાનુભાવોએ લીલી ઝંડી આપી રણમલ તળાવના ગેટ નં. ૧થી યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે પોલીસ અશ્વદળ, પોલીસ બેન્ડ, આર્મી, એરફોર્સ અને નેવીના આકર્ષક પ્લાટુન, ફાયર, હોમગાર્ડ, એન.સી.સી. તેમજ વિદ્યાર્થીઓ અને શિક્ષકો હાથમાં તિરંગો ધારણ કરી ઉત્સાહભેર યાત્રામાં જોડાયા હતા.

રણમલ તળાવથી પ્રારંભ થયેલી તિરંગા યાત્રા રૂપિયા ના સિક્કા સર્કલ થઈ રણજીતનગર ખાતે આવેલી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે પહોંચી હતી. સમગ્ર રૂટ પર 'વંદે માતરમ્', ભારત માતા કી જય અને દેશભક્તિના નાદથી વાતાવરણ ગુંજી ઊઠ્યું હતું. તિરંગાની શાન સાથે આગળ વધતી યાત્રામાં નાનાં-મોટાં સૌ કોઈએ રાષ્ટ્રપ્રેમની સામૂહિક અનુભૂતિ કરી હતી.

રણજીતનગર ખાતે યાત્રાના સમાપન પ્રસંગે પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા સહિત ઉપસ્થિત મહાનુભાવોએ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તેમજ દેશ માટે બલિદાન આપનારા મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓ તથા રાષ્ટ્રનિર્માતાઓને નમન સાથે ભાવાંજલિ અર્પણ કરાઈ હતી.આ ગૌરવશાળી યાત્રાએ દેશપ્રેમ અને સામાજિક જવાબદારીનો સુંદર સંદેશ પૂરો પાડ્યો હતો.

યાત્રાના સમગ્ર રૂટ દરમિયાન રજૂ થયેલા મણિયારો રાસ, પ્રાચીન અને અર્વાચીન ગરબા સહિતની વિવિધ સાંસ્કૃતિક કૃતિઓએ ઉપસ્થિત નગરજનોમાં વિશેષ આકર્ષણ જમાવ્યું હતું. લોકસંસ્કૃતિ, તિરંગાની આન-બાન-શાન અને 'વંદે માતરમ'ની રાષ્ટ્રભાવનાના સુભગ સંગમથી સમગ્ર વાતાવરણ ઉત્સવમય બની ગયું હતું.

જામનગરમાં યોજાયેલી આ ભવ્ય તિરંગા યાત્રાએ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને માત્ર એક કાર્યક્રમ પૂરતી સીમિત ન રાખતાં તેને જનભાગીદારીના રાષ્ટ્રીય પર્વમાં પરિવર્તિત કરી હતી. 'વંદે માતરમ'ની ભાવનાથી ઓતપ્રોત ૭ હજારથી વધુ નગરજનોની સહભાગિતાએ જામનગરની રાષ્ટ્રભક્તિ અને એકતાની ભાવનાને ઉજાગર કરી હતી.

આ પ્રસંગે સાંસદ પૂનમબેન માડમ, મેયર મોનિકાબેન વ્યાસ, ડે. મેયર રાકેશ ડેર, સ્ટેન્ડિંગ ચેરમેન ધીરેનભાઈ મોનાણી, શાશક પક્ષ નેતા અમર મોદી, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, જિલ્લા કલેક્ટર પી.બી. પંડ્યા, મ્યુનિસિપલ કમિશનર દિપેશ કેડીયા, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નિશા, પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈની, દંડક પ્રવીણાબેન રૂપડીયા, બીનાબેન કોઠારી, નિવાસી અધિક કલેક્ટર વિમલ ચૌધરી, નાયબ મ્યુનિસિપલ કમિશનર ડી.એ.ઝાલા, ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શારદા કાથડ, શહેર પ્રાંત અધિકારી એસ.ડી.બારડ, મહાનગરપાલિકા તથા જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીઓ, કોર્પોરેટરઓ, પોલીસ-સુરક્ષા તંત્રના અધિકારીઓ, શિક્ષકો-વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં જામનગરના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરમાં તરુણનું અપહરણ કરી પાંચ હજારની રોકડ બળજબરીથી પડાવી લીધી

## કારની ચાવી ઝુંટવી છરી તથા લોખંડના પાઈપથી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પાંચ શખ્સો સામે ફરિયાદ

જામનગર : જામનગરના અંધાશ્રમ વિસ્તારમાં સગીર તરૂણને પાંચ હજાર રૂપિયા અને કારની ચાવી આપવાનું કહી છરી બતાવી રોકડ રકમ તથા કારની ચાવી બળજબરીથી લઈ ગયા બાદ તેનું અપહરણ કરી માર માર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે.

આ બનાવમાં ચાર શખ્સો સામે સિટી-સી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

શહેરના અંધાશ્રમ હનુમાન ચોક શેરી નં.૨માં રહેતા જીતેન્દ્ર ઉર્ફે જીત દીનેશભાઈ મકવાણા નામનો ૧૭ વર્ષીય સગીર ૧૪ ઓગસ્ટના સાંજના ઢીચડા રોડ પર આવેલા ભગવતી મોટર્સ ગેરેજ ખાતે મિત્રની અટીગા મોટરનું કામ કરાવી રહ્યા હતા. તે દરમિયાન અનિલ મેર, તેનો ભાઈ ભરત મેર, ધવલ ગુઢકા ઉર્ફે મહાજન અને મેદિયો વાઘેર સ્વિફ્ટ કારમાં ત્યાં આવ્યા હતા અને અનિલ મેરે જીતેન્દ્ર પાસે પાંચ હજાર રૂપિયા અને કારની ચાવીની માંગણી કરી હતી. રૂપિયા આપવાની ના પાડતાં અનિલ મેરે છરી બતાવી તેના ખિસ્સામાંથી રોકડ રકમ તથા અટીગા મોટર કારની ચાવી બળજબરીથી લઈ લીધી હતી.

ત્યારબાદ અનિલ મેરે છરી વડે જમણા હાથના કાંડા પર ઘા માર્યો હતો, જ્યારે ધવલ ગુઢકા ઉર્ફે મહાજને લોખંડના પાઈપ વડે ડાબા હાથ તથા બંને પગમાં માર માર્યો હતો. તેમજ ચારેય શખ્સોએ યુવકને ઢીકાપાટુનો માર મારી જમીન પર પછાડી દીધો હતો અને ત્યારબાદ તેને બળજબરીપૂર્વક સ્વિફ્ટ કારમાં બેસાડી અંધાશ્રમ આવાસ પાસે આવેલી અનિલ મેરની ઓફિસે લઈ ગયા હતા. ઓફિસમાં પણ ચારેયે ગાળો આપી માર માર્યો હતો અને પોલીસમાં ફરિયાદ કરવા જઈશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આશરે પાંચ દિવસ અગાઉ અંધાશ્રમ પુલિયા નીચે એમ.ડી. ડીલાલની દુકાન સામે જીતેન્દ્ર બેઠો હતો. તે સમયે અનિલ મેર કારમાં મોટેથી સંગીત વગાડતો હોવાથી જીતેન્દ્રએ અવાજ ધીમો કરવા કહેતાં બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. આ બાબતનો ખાર રાખીને હુમલો કરાયો હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. બનાવ બાદ જીતેન્દ્ર તેમજ ભગવતી મોટર્સના પ્રવિણભાઈ, તેના ભાઈ હર્ષ પોલીસ મથકે પહોંચ્યો હતા. જ્યાં સિટી-સી ડિવિઝન પોલીસે જીતેન્દ્રની ફરિયાદના આધારે અનિલ મેર, ભરત મેર, ધવલ ગુઢકા ઉર્ફે મહાજન અને મેદિયો વાઘેર સામે ગુનો નોંધી વધુ તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર નીખીલકુમાર બી. ડાભીને સોંપી છે.

# ધ્રોલના નથુવડલા પાસે કાર ચાલકે બાઈકને ટક્કર મારતા પિતા-પુત્ર ઘવાયા

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોલથી નથુવડલા તરફ જઈ રહેલા પિતા-પુત્રની બાઈકને નથુવડલા ગામ નજીક સામેથી પૂરઝડપે અને બેફિકરાઈથી આવી રહેલી ફોરવ્હીલ કારના ચાલકે ટક્કર મારતાં બંનેને ગંભીર ઈજાઓ પહોંચતા બન્નેને સારવારમાં ખસેડયા હતા.

પ્રાપ્ત વિગત મુજબ મૂળ નથુવડલા ગામના વતની અને હાલ ધ્રોલમાં રહેતા લાલજીભાઈ શામજીભાઈ ચીકાણી ગત તા. ૨૯ જુલાઈના રોજ તેઓ પોતાના પુત્ર યોગેશભાઈ સાથે બાઈક નં. જીજે-૦૩-એએચ-૪૭૮૯ ઉપર ધ્રોલથી નથુવડલા ગામે ખેતીની જમીન તરફ જઈ રહ્યા હતા. જેમાં બાઈક યોગેશભાઈ ચલાવતા હતા અને લાલજીભાઈ પાછળ બેઠા હતા.

દરમિયાન સોયલથી નથુવડલા તરફ જતા સિંગલ પટ્ટી રોડ પર ગામ નજીક પહોંચતા સામેથી આવતી ફોરવ્હીલ કાર નં. જીજે-૦૩-સીઆર-૯૪૨૦ના ચાલકે પૂરઝડપે અને બેફિકરાઈથી વાહન હંકારી બાઈકને સામેથી ટક્કર મારી હતી. જે અકસ્માતમાં પિતા-પુત્ર બંને બાઈક સાથે રોડ પર પટકાયા હતા. અકસ્માત બાદ કારચાલક થોડો સમય કાર ઊભી રાખી ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

આ અકસ્માતમાં લાલજીભાઈને માથાના ભાગે સામાન્ય ઈજા ઉપરાંત જમણા પગમાં બે જગ્યાએ ફ્રેક્ચર થયું હતું. તેમને જામનગરની સરકારી હોસ્પિટલ બાદ આયુષ ઓસવાલ હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી. જ્યારે પુત્ર યોગેશભાઈને જમણા પગમાં ગંભીર ઈજા થતાં કે.આર. રાવ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, આ બનાવ અંગે લાલજીભાઈએ ફરિયાદ નોંધાવતા પોલીસે કારચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કાલાવડમાં સોની વેપારી સાથે દાગીના બતાવવાના બહાને રૂ.૭.૫૯ લાખની ઠગાઈ

## ઘરે પત્નીને દાગીના બતાવી આવવાના બહાને ત્રણ સોનાની ચેન અને બ્રેસલેટ લઈ જનાર શખ્સ ફરાર

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડના સોનાની જવેલર્સની દુકાન ધરાવતા સોની વેપારીને વિશ્વાસમાં લીધા બાદ ઘરે પત્નીને દાગીના બતાવી આવવાના બહાને રૂ.૭.૫૯ લાખની કિંમતના ત્રણ સોનાના ચેન અને એક બ્રેસલેટ લઈ જઈ ફરાર થઇ જતા સોની વેપારીએ શખ્સ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત વિગત મુજબ કાલાવડમાં જુના ગ્રેઈન માર્કેટ રોડ પર શ્રીજી જવેલર્સ નામે સોનીકામની દુકાન ધરાવતા રાજકોટના મીતેષભાઈ ગિરીશભાઈ કડેચાની દુકાને સાગરભાઈ મહેતા નામનો શખ્સ આવ્યો હતો. તેણે પોતાની ઓળખ આપી જણાવ્યું હતું કે, તેણે દુકાનની બાજુમાં સાગર ટ્રેડર્સ નામે દુકાન ભાડે રાખી છે, અને થોડા દિવસોમાં દુકાનનું ઉદ્ઘાટન કરવાનું છે. તેણે દુકાનમાંથી આશરે સવા ગ્રામનું સોનાનું જેન્ટ્સ પેન્ડલ રૂ.૨૨,૦૦૦ રોકડા આપી લીધું હતું.

બીજા દિવસે તા.૧૬ જુલાઈના રોજ સાગરભાઈ ફરી દુકાને આવ્યો હતો અને સવા ચાર ગ્રામની સોનાની ચેન રૂ.૧૯,૫૦૦ રોકડા આપી ખરીદી હતી. ત્યારબાદ તા.૧૭ જુલાઈના રોજ તેણે બે સોનાની ચેન અને એક બ્રેસલેટ લેવાની વાત કરી પત્નીને ઘરે બતાવીને ત્રણમાંથી જે બે ચેન પસંદ પડે તે રાખી લેવાની વાત કરી વિશ્વાસ કેળવી, સોની પાસેથી ત્રણ ચેન અને એક બ્રેસલેટ લઈ ગયો હતો.

આ દાગીનામાં ૧૦ ગ્રામ ૩૯૦ મિલી વજનની રૂ.૧,૫૩,૭૭૦ની ચેન, ૧૫ ગ્રામ ૯૦૦ મિલી વજનની રૂ.૨,૩૫,૩૧૮ની ચેન, ૧૦ ગ્રામ ૯૯૦ મિલી વજનની રૂ.૧,૧૨,૬૫૧ની ચેન તથા ૧૪ ગ્રામ ૦૪૦ મિલી વજનનું રૂ.૨,૦૭,૭૯૧નું સોનાનું જેન્ટ્સ બ્રેસલેટ મળી કુલ ૫૧ ગ્રામ ૩૨૦ મિલી સોનું અને રૂ.૭,૫૯,૫૩૦ની કિંમતના દાગીના હતા.

સાંજ સુધી રાહ જોયા છતાં સાગરભાઈ દાગીના પરત લઈને આવ્યો ન હતો. જેથી મીતેષભાઈએ બાજુની સાગર ટ્રેડર્સ દુકાને તપાસ કરતાં દુકાન ખુલ્લી હતી, પરંતુ સાગરભાઈ હાજર ન હતો. દુકાનના માલિક મહેન્દ્રસિંહ ઉર્ફે ટીનાભાઈ વાળાને ફોન કરતાં તેણે પણ સાગરભાઈએ દુકાનનું ભાડા કરાર કરવાનું કહ્યું હોવાનું અને તેના રાજકોટના ઓળખ પુરાવા હોવાનું જણાવ્યું હતું, પરંતુ કોઈ આધાર પુરાવા આપ્યા ન હોવાનું જણાવ્યું હતું.

આથી પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા મીતેષભાઈ કડેચાએ સાગરભાઈ મહેતા રહે. ભગવતીપરા, કાલાવડ તથા મોબાઈલ નંબરના આધારે તેને શોધવા અને સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે સંપર્ક ન થતાં અંતે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ અંગે પોલીસે ગુનો નોંધી પોલીસ ઈન્સ્પેક્ટર પરાગ ટી. જયસ્વાલે તપાસ હાથ ધરી છે.

# કલ્યાણપુરના માલેતા પાસે બે બાઈક વચ્ચે અકસ્માતમાં વૃદ્ધનું મોત

ખંભાળિયા : કલ્યાણપુર તાબેના માલેતા - ભોગાત ગામના રોડ પર બે મોટરસાયકલ વચ્ચે અકસ્માત સર્જાતા એક વૃદ્ધનું શરીરે ગંભીર ઈજા પહોચતા તેઓનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના પુત્ર દ્વારા અન્ય મોટરસાયકલ ચાલક સામે ફરિયાદ નોંધાવતા પોલીસે સ્થળપર દોડી જઈ આગળની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે કલ્યાણપુર તાલુકાના માલેતા ગામમાં રહેતા કારાભાઈ અરજણભાઈ ગોજીયા નામના ૬૫ વર્ષના વૃદ્ધ ગઈકાલે પોતાનું મોટરસાયકલ ચલાવી જતા હોઈ ત્યારે પોતાના ગામથી થોડે દુર ભોગાત ગામના રોડ પાસે જી. જે. ૧૦. ડી. ૬૧૧૪ નંબરના અન્ય એક મોટરસાયકલ ચાલકે પોતાનું વાહન પૂરઝડપે, બેફિકરાયથી અને ગફલતભરી રીતે ચલાવી કારાભાઈ ગોજીયાને હડફેટે લેતા તેઓનું માથાના ભાગમાં ગંભીર ઈજાના કારણે મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ અધિકારી સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતકના પુત્ર સોમાતભાઈ ગોજીયાની ફરિયાદ પરથી મોટરસાયકલ ચાલક મનોજભાઈ નારણભાઈ વારોતરિયા સામે ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

પશ્ચિમ રેલવે
રાજકોટ મંડળ

સુધારો

ટેન્ડર સૂચના નં. DRM/RJT/E-Tender/2026-2027/25 (EL), તારીખ 10.08.2026 અંગે સુધારો. ટેન્ડરની NIT સંખ્યા DRM/RJT/EL/2026-2027/25 ના બદલે DRM/RJT/EL/2026-2027/26 રહેશે. RJT118

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# જામનગરમાં મહિલાના ઘરે નંબર લેવા ગયેલ યુવક પાસેથી રૂ.૭૦ હજાર ટ્રાન્સફર કરાવી લીધા

## ઘરનો દરવાજો બંધ કરી દંપતીએ યુવકને ધમકી આપી ફોન પે મારફતે ત્રણ વખતમાં રકમ પડાવી

જામનગર : જામનગરના વામ્બે આવાસના આઠ માળિયામાં મોબાઈલ નંબર લેવા ગયેલા એક યુવકને ઘરમાં બોલાવી દરવાજો બંધ કરી મહિલાએ તેના પતિ સાથે મળી ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ભયભીત કરી યુવક પાસેથી ફોન પે મારફતે રૂ.૭૦ હજાર પડાવી લીધાનો બનાવ પોલીસ દફતરે ઉઠવા પામ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગરના ગાંધીનગર મોમાઈનગર શેરી નં.૫માં રહેતા અને મૂળ ટંકારા તાલુકાના નાના રામપર ગામના દિનેશભાઈ હીરાભાઈ પઢારીયા (રબારી) નામનો યુવાન વાલસુરા ખાતે એસ.એસ.બી.માં નોકરી કરે છે.

તેઓ ગત તા.૧૧ ઓગસ્ટના વહેલી સવારે આશરે ચાર વાગ્યાના અરસામાં દિનેશભાઈ વામ્બે આવાસના આઠ માળિયા પાસેથી પસાર થઈ રહ્યા હતા.

આ દરમિયાન ત્યાં રહેતી ગુડી નામની મહિલાને ઓળખતા હોવાથી તેનો મોબાઈલ નંબર લેવા માટે તેઓ છઠ્ઠા માળે તેના ઘરે ગયા હતા. દિનેશભાઈ ઘરમાં પ્રવેશ્યા બાદ ગુડીએ દરવાજો બંધ કરી દીધો હતો. ત્યારબાદ અંદરના રૂમમાંથી ગુડીનો પતિ ફીરોજ મકરાણી બહાર આવ્યો હતો. બંનેએ દિનેશભાઈને અહી શું કરવા આવ્યા છો તેમ કહી ઢીકાપાટુનો માર માર્યો હતો અને અહીથી બચીને જવું હોય તો રૂ.૭૦ હજાર આપવા પડશે, નહી તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આથી દિનેશભાઈ પાસે રોકડ રકમ ન હોવાથી તેમણે પોતાના મોબાઈલ પરથી તેમના એસબીઆઈ ખાતામાંથી ફીરોજ મકરાણીના મોબાઈલ નંબર પર ફોન પે મારફતે પ્રથમ રૂ.૨૫ હજાર, બીજી વખત રૂ.૨૫ હજાર અને ત્રીજી વખત રૂ.૨૦ હજાર મળી કુલ રૂ.૭૦ હજાર ટ્રાન્સફર કર્યા હતા.

રકમ મળ્યા બાદ બંનેએ તેમને ત્યાંથી જવા દીધા હતા. ઘરે પહોંચ્યા બાદ તેમણે પરિવારજનોને સમગ્ર બનાવની જાણ કરી હતી. જોકે આબરૂ જવાની બીકે તે સમયે ફરિયાદ કરી ન હતી અને પછી નોંધાવવાનો નિર્ણય કરી પોલીસ મથકે પહોંચ્યા હતા. જ્યાં

પોલીસે મહિલાના પતિ ફીરોજ મકરાણી તથા ગુડી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૮(૨), ૩૦૮(૪), ૩૦૮(૫) અને ૫૪ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીને કુંડલા ભોગ મનોરથ



દ્વારકાધીશ જગતમંદિરમાં ગઈકાલે ઠાકોરજીના ભાવિક ભકત પરિવાર દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી સાંજે ઠાકોરજીના ઉત્થાપન દર્શન સમયે કુંડલા ભોગ મનોરથ યોજવામાં આવ્યો હતો. શુક્રવારના શ્વેત વાઘા સાથેના દૈદિપ્યમાન શૃંગાર સાથેના દિવ્ય મનોરથ દર્શન તથા મનોરથ આરતીનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ લાભ લીધો હતો. આ ઉપરાંત ઓનલાઈનના વિવિધ માધ્યમોથી દેશ વિદેશના લાખો કૃષ્ણભકતોએ નિહાળી ભાવવિભોર બન્યાં હતાં.

# કલ્યાણપુરના રણજીતપુર ગામે જુગાર રમતા ૮ શખ્સની રૂ. ૨.૧૧ લાખની મતા સાથે અટકાયત



ખંભાળિયા : કલ્યાણપુર તાબેના રણજીતપુર ગામે વાડી વિસ્તારમાં પોલીસે ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી જુગારનો અખાડો ઝડપી પાડ્યો હતો જેમાં સંચાલક સહિત આઠ શખ્સની રોકડ રકમ, મોટરસાયકલો, મોબાઈલ ફોન વિગેરે કુલમળી રૂ. ૨ લાખ ઉપરાંતની મતા સાથે અટકાયત કરી તમામ વિરુદ્ધ જુગારધારા ૪-૫ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ કલ્યાણપુર તાલુકાના રણજીતપુર ગામે રહેતો રાજેશ ઉર્ફે રાજુભાઈ મેરામણભાઈ સુવા નામનો શખ્સ પોતાની વાડીએ કબ્જા ભોગવટાની ઓરડીમાં બહારથી માણસો બોલાવી પોતાના અંગત ફાયદા માટે નાલ ઉઘરાવી જુગારનો અખાડો ચલાવતો હોય તેવી બાતમીના આધારે દ્વારકા જિલ્લા એલસીબી પોલીસે દરોડો પાડ્યો હતો અને અહીંથી ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા રાજેશ સુવા સહિત રફીક અકબર શેખ, ભરતભાઈ અરસીભાઈ સુવા, મસરીભાઈ દવુભાઈ કરમુર, ધરણાંતભાઈ લખુભાઈ સુવા, નેભાભાઇ વજસીભાઈ સુવા, આદમ અબુ રૂંઝા, બશીર જુસબ મંધરા અને જેઠાભાઈ હમીરભાઇ સુવા નામના ૮ શખ્સને ઝડપી લઇ સ્થળપરથી રૂ. ૪૦૫૦૦ ની રોકડ રકમ તથા રૂ. ૪૫ હજારની કિંમતના ૮ નંગ મોબાઈલ ફોન, રૂ. ૧.૨૫ લાખની કિંમતના ૫ નંગ મોટરસાયકલ અને અન્ય સામગ્રી સહિત કુલમળી રૂ. ૨.૧૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જામનગર મહાનગરપાલિકા
જનસંપર્ક શાખા-જ્યુબેલી ગાર્ડન, લાલબંગલો, જામનગર

ભારતના સ્વતંત્ર પર્વની હાર્દિક શુભકામનાઓ

(૧) શહેરની જાહેર મિલ્કતો આપણી સૌની છે, તેની જાળવણી કરીએ.
(૨) રણમલ તળાવમાં કચરો ન નાખીએ એ તેમાં મહેમાન બનતા પક્ષીઓની મોટી સેવા છે.
(૩) પ્લાસ્ટીક પર્યાવરણનો મોટો દુશ્મન છે, તેનાથી દૂર રહીએ. દિન-બ-દિન વપરાશ ઘટાડીએ.
(૪) જામનગર મહાનગરપાલિકાની વેબ સાઈટ www.mcjamnagar.com ઉપર ઓનલાઇન વેરો ભરી ઓનલાઇન પેમેન્ટમાં ૨% ડીસ્કાઉન્ટ અને વધુમાં વધુ રૂા.૨૫૦/-નો લાભ મેળવો વેરા/ચાર્જીસ ભરપાઈ કરવાના સ્થળ મહાનગરપાલિકા મેઇન ઓફીસ, સીવીક સેન્ટરો, આઇડીબીઆઇ બેંક, એચડીએફસી બેંક, ધી નવાનગર કો.ઓ.બેંક,તથા કોટક મહિન્દ્રા બેંકની શહેરની તમામ શાખાઓમાં સુવિધા તથા ડેબીટ કાર્ડ, ડેબીટ કાર્ડ , ક્રેડીટ કાર્ડ, યુ.પી.આઇ. તથા QR CODE સ્કેન કરી E-WALLETS દ્વારા PayZaap, BHIM, Google PAY, Paytm, Phonepe, Mobiwik વી.થી ઓનલાઇન ભરપાઇ કરી સમયની બચત કરો.
(૫) મહાનગર પાલિકાની મોબાઇલ એપ્લીકેશન JMC CONNECT ડાઉનલોડ કરો અને ઓનલાઇન સેવાઓનો ઉપયોગ કરો.
(૬) મોબાઇલ નંબર રજીસ્ટ્રેશન કરાવી મીલકત વેરાના બીલ તથા અન્ય સ્કીમની SMS દ્વારા જાણકારી મેળવો.
(૭) ઓનલાઇન સેવાઓ : મિલ્કત વેરો, વોટરચાર્જ, વ્યવસાય વેરા, શોપ લાયસન્સ, ફૂડ લાયસન્સ, કારખાના લાયસન્સ, જન્મ-મરણ પ્રમાણપત્ર અને ફરિયાદ નોંધણી
(૮) આપના ઘરની સાથે સાથે ગલ્લી, મોહલ્લો, શહેરને સાફ રાખી સ્વચ્છતા ગૃહી બની રોગચાળાને ભગાવી. ભીનો તથા સુકો કચરો અલગ રાખી કલેકશન વેનને આપવાનો આગ્રહ રાખો.
(૯) પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરી રાષ્ટ્રીય સંપતિનો બચાવ કરીએ. જળ એ જ જીવન છે.
(૧૦)દિનદયાળ અંત્યોદય યોજના હેઠળ ગરીબ કુટુંબના સ્વસહાય જુથો બનાવી તેઓને સ્વરોજગાર અને કૌશલ્યપૂર્ણ રોજગારીની તકો પુરી પાડીએ
(૧૧) આપના વાહનો નિયત કરેલ પાર્કિંગમાં જ રાખીએ અને ટ્રાફિકના પ્રશ્નોથી બચીએ.
(૧૨) આપના નવા બનાવવાના થતાં મકાનો/બાંધકામોની નિયમોનુસારની મંજુરી મેળવવાનો આગ્રહ રાખીએ અને નિયમોનુસાર બાંધકામ કરીએ.
(૧૩) માન. પ્રધાનમંત્રી આવાસ યોજનાઓનો લાભ લેવો.
(૧૪) આધારકાર્ડ નોંધણી ફરજિયાત હોય જન્મથી તમામ ઉપરના લોકોએ આધાર મેળવવું ફરજીયાત છે.
(૧૫) ઈ-શ્રમકાર્ડ હેઠળ અકસ્માતથી મૃત્યુ થાય તો રૂા. બે લાખનો વીમો તેમજ અપંગતતાના કિસ્સામાં રૂા. એક લાખ મળવા પાત્ર છે જેનો લાભ લઈએ.
(૧૬) પી.એમ.સ્વનિધિ યોજના હેઠળ રૂા.દશ હજાર થી પચાસ હજાર સુધીની લોન સહાય જેમાં ૭% સુધીની સબસીડી સાથે સરળ હપ્તથી શહેરી ફેરિયાઓ માટે લોન સહાય યોજનાનો લાભ લઈએ.
(૧૭) પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના અંતર્ગત ૧૮ પ્રકારના કારીગરોને લોન સહાય ૫% સુધીની સબસીડી સાથે આપવાની યોજના જે નજીકના Csc/e-gram સેન્ટર પર અથવા સેલ્ફ રજીસ્ટ્રેશન www.pmvishwakarma.gov.in પર કરી શકાશે.
(૧૮) આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના AB-PMJAY-MA અંતર્ગત ગુજરાત રાજ્યમાં રૂા.૧૦ લાખ તથા અન્ય રાજ્યમાં રૂા.૫ લાખની તબીબી સહાય મળવાપાત્ર છે. જે જામનગરના તમામ ૧૨ આરોગ્યકેન્દ્ર પરથી કાર્ડની નોંધણી અને ૧૩ ખાનગી હોસ્પિટલોમાં કાર્ડ નોંધણી અને સારવાર મળે છે. benificiary.nha.gov.in પરથી NFSA લાભાર્થી જાતે બનાવી શકે છે.
(૧૯)આયુષ્યમાન ભારત ડીજીટલ મિશન ABDM અંતર્ગત 'આભાકાર્ડ' ઇસ્યુ થાય છે જે કાર્ડધારકનો તમામ હેલ્થ રેકોર્ડ ઓનલાઇન સાચવે છે. જે abdm.gov.in પરથી સેલ્ફ રજીસ્ટ્રેશન કરી શકાય છે.

દીપેશ કેડીઆ IAS, કમિશનર
ધીરેનકુમાર પી. મોનાણી, ચેરમેન સ્ટે. કમિટી
રાકેશભાઇ બી.ડેર, ડે.મેયર
મોનીકાબેન એચ. વ્યાસ, મેયર

# સ્વાતંત્ર્ય પર્વના રંગે રંગાયું જામનગર, રોશનીથી શોભી ઊઠી શહેરની ઈમારતો



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને લઈને જામનગર દેશભક્તિના રંગે રંગાયું છે. જિલ્લા વહીવટીતંત્ર અને મહાનગરપાલિકા દ્વારા સ્વાતંત્ર્ય દિવસની ભવ્ય ઉજવણી માટે શહેર-જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓ, જાહેર ઈમારતો, સ્મારકો તેમજ મુખ્ય માર્ગો પર તિરંગાના રંગોથી આકર્ષક રોશનીના શણગાર કરવામાં આવ્યા છે.

શહેરની ઈમારતો પર ઝળહળતી રોશની દેશપ્રેમ અને રાષ્ટ્રીય ગૌરવની ભાવનાને વધુ ઉજાગર કરી રહી છે. તિરંગાના કેસરી, સફેદ અને લીલા રંગોથી શોભિત થયેલી ઈમારતો નગરજનો માટે આકર્ષણનું કેન્દ્ર બની છે.

જામનગરની શાન લખોટા તળાવ, ભુજિયો કોઠો, કલેક્ટર કચેરી, ટાઉનહોલ, જિલ્લા સેવા સદન, જિલ્લા ન્યાય મંદિર, તેમજ સ્વાતંત્ર્ય પર્વની જિલ્લા કક્ષાની ઉજવણીને અનુલક્ષીને ધ્રોલ નગરપાલિકા બિલ્ડિંગ, બાબાસાહેબ આંબેડકર સ્ટેચ્યુ, ધ્રોલ નગરપાલિકા કોન્યુનિટી હોલ, ધ્રોલ પ્રાંત કચેરી સહિતના સ્થળોએ રોશનીના શણગાર કરવામાં આવ્યા છે.

જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને યાદગાર બનાવવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરની સજાવટ અને રોશનીના શણગાર દ્વારા 'હર ઘર તિરંગા' અભિયાનને પણ પ્રોત્સાહન મળી રહ્યું છે. નગરજનોમાં ઉત્સાહ અને ઉમંગનો માહોલ જોવા મળી રહ્યો છે અને સમગ્ર જામનગર સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી માટે સજ્જ બન્યું છે.

રાત્રિના સમયે ઝગમગતી ઈમારતો જામનગરની શોભામાં વધારો કરી રહી છે અને દેશના સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનને યાદ કરાવતી દેશભક્તિની ભાવનાને વધુ મજબૂત બનાવી રહી છે.

## જામનગરમાં દારૂ પી પતિ તોફાન કરતા પત્નીએ પોલીસે બોલાવી પકડાવી દીધો

જામનગર : જામનગરના ગોકુલનગર વિસ્તારમાં દારૂ પી નશાની હાલતમાં પતિ તોફાન કરતા પત્નીએ ૧૧૨ પોલીસને જાણ કરતા ઘટનાસ્થળે જઇ પતિની અટકાયત કરી પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી.

શહેરના ગોકુલનગર, પાણાખાણ શેરી નં. ૧માં રહેતાં રહેતા મીનાબેન રવિભાઈ મહાલીયા નામની મહિલાએ ફરિયાદ નોંધાવી છે. જેમાં તેમના પતિ રવિ તુલસીભાઈ મહાલીયા ઘરે દારૂ પી તોફાન કરતા હતા. જેથી મીનાબેને ૧૧૨ પોલીસમાં ફોન કરી બોલાવી હતી.

પોલીસની ટીમ સ્થળે પહોંચ્યા બાદ મીનાબેન તથા રવિ મહાલીયાને પોલીસ મથકે લઈ જવાયા હતા. જ્યાં પોલીસે રવિ મહાલીયા સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી.










સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## સંસદ સમક્ષ એક નવો પડકાર

લાંબા સમય પછી, વિપક્ષ, અને ખાસ કરીને કોંગ્રેસ, સફળતાનો અહેસાસ અનુભવે છે. તેમની ઇચ્છા પૂર્ણ થઈ ગઈ છે. ચોમાસુ સત્ર લગભગ ધોવાઈ ગયું હતું, અને સીમાંકન બિલ પણ રજૂ કરવામાં નિષ્ફળ ગયું. ડીએમકેનું વિપક્ષી છાવણીમાંથી બહાર નીકળવું અને કોંગ્રેસ સામે તેનું તીક્ષ્ણ વલણ, શરદ પવાર જૂથનું એનસીપી સામે બદલાતું વલણ અને તૃણમૂલ કોંગ્રેસમાં વિભાજન સહિત અનેક ઘટનાઓએ કોંગ્રેસને ચિંતામાં મૂકી દીધી હતી. આવી સ્થિતિમાં, વિદ્યાર્થી આંદોલન એક આશાસ્પદ પરિણામ સાબિત થયું.

શાસક પક્ષની કેટલીક રણનીતિઓ નિષ્ફળ ગઈ, અને વિપક્ષના ઇરાદાઓ સિદ્ધ થયા. જોકે, વિપક્ષે ધ્યાનમાં લેવું જોઈએ કે આવી અવરોધક યુક્તિઓ લાંબા ગાળાના રાજકીય બાબતોમાં બિનઅસરકારક છે. સીમાંકન એક બંધારણીય જોગવાઈ છે અને અનિવાર્યપણે થશે. કોંગ્રેસ તેને રોકી શકશે નહીં, અને હાલમાં વિપક્ષી છાવણીમાં રહેલા ઘણા પક્ષો પણ તેને ટેકો આપશે. તેથી, કાયમી સફળતા સુનિશ્ચિત કરવા માટે, વિપક્ષે ઘોંઘાટ અને ઘોંઘાટની રાજનીતિથી આગળ વધવું જોઈએ અને ચર્ચાનું રાજકારણ શીખવું જોઈએ અને તેનો અભ્યાસ કરવો જોઈએ જે જનતાને તેની વાર્તા સમજવા દે. વિપક્ષે વ્યૂહાત્મક રીતે સત્રને સ્થગિત કરવાનો નિર્ણય લીધો હતો, છતાં જો શાસક પક્ષે ગૃહ કાર્યરત રહે તે સુનિશ્ચિત કરવા માટે અર્થપૂર્ણ પહેલ કરી હોત, તો તે ચર્ચામાં ભાગ લેવાની શક્યતા વધુ હોત. કટ્ટરવાદને કારણે સમગ્ર સત્રમાં વિક્ષેપ લોકશાહી માટે શુભ નથી. લોકશાહી ત્યારે જ સફળ થાય છે જ્યારે વિપક્ષ અર્થપૂર્ણ મુદ્દાઓ પર સકારાત્મક વિજય મેળવે.

૨૦૧૪ થી, અને વધુ વખત ૨૦૨૪ થી, એવું જોવા મળ્યું છે કે સંસદ સત્ર શરૂ થાય તે પહેલાં જ મુદ્દાઓ ઉભરી આવે છે, જેનો વિરોધ પક્ષો ઉપયોગ કરે છે. જંતર-મંતર પર ઝતૅ નો વિરોધ આવો જ એક મુદ્દો હતો. આ પહેલા, ભારત-અમેરિકા વેપાર કરાર પર ખેડૂતોના વિરોધ પ્રદર્શન શરૂ કરવાની તૈયારીઓ ચાલી રહી હતી, જે હકીકતમાં, હજુ સુધી અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું નથી. આવા વિરોધ પાછળના પરિબળો સમજી શકાય તેવા છે. ચોમાસુ સત્ર ખોરવાવાનું શરૂ થયું ત્યારે કોઈને આશ્ચર્ય થયું નહીં, કારણ કે પહેલું અઠવાડિયું પરંપરા બની ગયું છે, જેમાં હોબાળો થયો છે. આ સત્ર થોડું અલગ હતું. પેસીસિમોન બિલ પસાર થવાના ડરથી વિપક્ષે તેને અસ્તિત્વ માટે લડત બનાવી દીધી. સરકારે સંકેત આપ્યો હતો કે તેની પાસે બંધારણીય સુધારા માટે જરૂરી કરતાં વધુ સંખ્યા છે. પરિણામે, વિવિધ મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા અને સત્ર સ્થગિત કરવામાં આવ્યું. મુદ્દાઓ વારંવાર બદલાયા, પરંતુ ધ્યેય એક જ રહ્યોઃ સંસદને સ્થગિત કરવી. જો વાંસ રહેશે, તો વાંસળી નહીં વાગે. કોંગ્રેસ જાણે છે કે સીમાંકન થશે, પરંતુ જો તે હમણાં જ બંધ થઈ જાય, તો તેની પાસે ૨૦૨૯ ની ચૂંટણી સુધી બીજી ચાલ કરવાની તાકાત હશે. જો લોકસભા સભ્યોની સંખ્યા ૫૪૩ થી વધીને ૮૧૬ થાય છે, તો બાકીના અઢી વર્ષ ખૂબ પડકારજનક નહીં હોય. બદલાયેલી સીટ પેટર્ન એક અલગ ચિત્ર રજૂ કરશે, અને ૨૦૨૯ માં હારવાનો અર્થ ૨૦ વર્ષ માટે સત્તાથી બહાર રહેવું પડશે, જે સ્પષ્ટપણે કોંગ્રેસ અને તેના ઘણા નેતાઓ માટે અસ્તિત્વનો પ્રશ્ન હશે. પરંતુ શું કોંગ્રેસને યાદ અપાવવાની જરૂર છે કે તે દેશના મોટા ભાગમાં ૩૦-૪૦ વર્ષથી વધુ સમયથી સત્તાથી બહાર છે? જો બંધારણના કલમ ૮૧ અને ૧૭૦ હેઠળ ૨૦૨૭ ની વસ્તી ગણતરીના આધારે સીમાંકન કરવામાં આવે છે, તો કોંગ્રેસ સંકટનો સામનો કરશે. કોંગ્રેસ હાલમાં હિમાચલ પ્રદેશ સહિત ત્રણ દક્ષિણ રાજ્યોમાં સત્તામાં છે. શું કોંગ્રેસ બંધારણને પડકારશે? કારણ કે આવી સ્થિતિમાં, સપા, આરજેડી અને ઉત્તર ભારતમાં અન્ય પક્ષો સાથે મળીને સીમાંકનને ટેકો આપશે. કોંગ્રેસે સમજવું જોઈએ કે ફક્ત સીમાંકન જ ચૂંટણીમાં જીત કે હાર નક્કી કરી શકતું નથી. જીત માટે સખત મહેનત અને ધીરજની જરૂર છે, અને વર્તમાન કોંગ્રેસ પાર્ટીમાં આ ગુણોનો અભાવ છે.

# શ્રીલંકામાં ધ્રુવ જુરેલ કઠિન કસોટીનો સામનો કરી રહ્યો છે, રાહુલ પાસેથી 'ગુરુ મંત્ર' લે છે

શ્રીલંકા સામેની ટેસ્ટ શ્રેણી પહેલા, ભારતીય વિકેટકીપર-બેટ્સમેન ધ્રુવ જુરેલ નેટમાં તેની બેટિંગને સુધારવા પર કામ કરી રહ્યો છે. જુરેલે ગેલની ગરમ પરિસ્થિતિમાં ઝડપી બોલરો અને સ્પિનરો બંને સામે વ્યાપક પ્રેક્ટિસ કરી હતી. તે ફિલ્ડિંગ સત્રોમાં પણ ખૂબ સક્રિય હતો, સ્લિપ કોર્ડનમાં ઘણા શાનદાર કેચ લીધા હતા. જોકે, આ ટેસ્ટ શ્રેણી જુરેલની કારકિર્દી માટે મહત્વપૂર્ણ છે. ગયા ઓક્ટોબરમાં વેસ્ટ ઈન્ડિઝ સામે અમદાવાદ ટેસ્ટમાં શાનદાર સદી ફટકાર્યા બાદ, તેની આગામી સાત ટેસ્ટ ઇનિંગ્સમાં તેનો સ્કોર ૪૪, ૬, ૧૪, ૧૩, ૦, ૨ અને ૧૯ હતો. આ સમયગાળા દરમિયાન, તે પાંચ વખત સ્પિન બોલરોનો શિકાર બન્યો. ગેલમાં પિચ સ્પિન બોલરો માટે મદદરૂપ માનવામાં આવે છે, અને તેથી, જુરેલને વધુ પડકારનો સામનો કરવો પડશે. અનુભવી શ્રીલંકન સ્પિનર પ્રભાત જયસૂર્યા ભારતીય બેટ્સમેન માટે સમસ્યાઓ ઊભી કરી શકે છે.



જુરેલ માટે બીજું દબાણ સરફરાઝ ખાનની હાજરી છે. સરફરાઝ પણ એ જ બેટિંગ ક્રમમાં સ્થાન મેળવવા માટે સ્પર્ધા કરી રહ્યો છે અને સ્પિન સામે શોટની વિશાળ શ્રેણી ધરાવે છે. તે સ્વીપ, રિવર્સ સ્વીપ અને ટ્રેક નીચે આગળ વધવા, તેમજ કટ અને લેટ ડેબ રમે છે.

તેનાથી વિપરીત, જુરેલ સામાન્ય રીતે બોલર સ્પિનરો સામે ભૂલ કરે તેની રાહ જુએ છે અને તેના જોખમોને ઘટાડવાનો પ્રયાસ કરે છે. આ રણનીતિ ફ્લેટ પિચ પર અસરકારક હોઈ શકે છે, પરંતુ ગેલ જેવી પિચ પર, જ્યાં ટર્ન અને અસમાન બાઉન્સ શક્ય છે, આ અભિગમ તેના માટે સમસ્યાઓ ઊભી કરી શકે છે.

આ કારણોસર, જુરેલે અનુભવી બેટ્સમેન કેએલ રાહુલ સાથે નેટમાં પણ ઘણો સમય વિતાવ્યો. રાહુલ ભારતીય ટીમનો એકમાત્ર બેટ્સમેન છે જેને શ્રીલંકાની પરિસ્થિતિઓમાં ટેસ્ટ ક્રિકેટ રમવાનો અનુભવ છે. તેણે આ પ્રવાસની તૈયારી માટે મુંબઈમાં ખાસ તૈયાર કરેલી માટીની પિચ પર પણ પ્રેક્ટિસ કરી હતી.

ભારતીય બોલિંગ કોચ મોર્ને મોર્કેલે પણ ટીમમાં રાહુલના અનુભવના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે રાહુલે નેટ્સમાં તેના સાથી ખેલાડીઓ સાથે વાતચીત કરવામાં અને તેમને પરિસ્થિતિઓ અને સંભવિત પડકારો વિશે માહિતી આપવામાં ભૂમિકા ભજવવી પડશે.

મોર્કેલે એ પણ સ્પષ્ટ કર્યું કે જુરેલને આખરે મધ્યમાં પોતાની બેટિંગ શૈલી શોધવી પડશે. તેમણે કહ્યું કે ટીમ ૧૦ દિવસ અગાઉ શ્રીલંકા પહોંચી હતી જેથી ખેલાડીઓને પરિસ્થિતિઓ માટે તૈયારી કરવાની પૂરતી તક મળે. જુરેલ માટે સકારાત્મક બાબત એ છે કે તેણે તે જ મેદાન પર શ્રીલંકા છ સામે ભારત છ માટે સદી અને અડધી સદી ફટકારી છે. આ પ્રદર્શન ચોક્કસપણે શ્રીલંકાની પરિસ્થિતિઓમાં બેટિંગ કરવા માટે તેને આત્મવિશ્વાસ આપશે.જોકે, જુરેલની કારકિર્દીમાં આવું પહેલા પણ બન્યું છે. ૨૦૨૪-૨૫ બોર્ડર-ગાવસ્કર ટ્રોફી પહેલા ઓસ્ટ્રેલિયા સામેની પ્રેક્ટિસ મેચમાં તે ઉત્તમ ફોર્મમાં જોવા મળ્યો હતો, પરંતુ પર્થ ટેસ્ટમાં તેનું પ્રદર્શન અપેક્ષાઓ મુજબ નહોતું. હવે જુરેલ પાસે પોતાને સાબિત કરવાની બીજી તક છે. ઋષભ પંત પ્રથમ પસંદગીના વિકેટકીપર-બેટ્સમેન તરીકે હોવાથી, જુરેલને મુખ્યત્વે નિષ્ણાત બેટ્સમેન તરીકે ટીમમાં પોતાનું સ્થાન મજબૂત કરવું પડશે.

## ટીમ ઈન્ડિયાને જયસૂર્યા અને મેન્ડિસના સ્પિન પડકારનો સામનો કરવો પડશે, જેમનો ગેલમાં શાનદાર રેકોર્ડ

બે મેચની ટેસ્ટ શ્રેણી માટે શ્રીલંકાની યજમાની કરી રહેલી ભારતીય ક્રિકેટ ટીમ ૧૫ ઓગસ્ટે ગેલ સ્ટેડિયમ ખાતે પોતાની પહેલી મેચ રમશે. ટીમ ઈન્ડિયાના બેટ્સમેનોએ છેલ્લા કેટલાક વર્ષોમાં ટેસ્ટ ક્રિકેટમાં સ્પિન બોલરો સામે સંઘર્ષ કર્યો છે, અને આ શ્રેણી તેમના માટે સરળ રહેશે નહીં. શ્રીલંકાની ક્રિકેટ ટીમ ભલે ભારત જેટલી મજબૂત ન હોય, પરંતુ તેમનો ઘરઆંગણેનો રેકોર્ડ ખૂબ પ્રભાવશાળી છે. ગાલે ખાતે શ્રીલંકાની ટીમના ભાગ રહેલા સ્પિન બોલરો પ્રભાત જયસૂર્યા અને રમેશ મેન્ડિસનો સામનો કરવો કોઈપણ વિરોધી ટીમના બેટ્સમેન માટે ક્યારેય સરળ કાર્ય નહોતું. આ મેદાન પર જયસૂર્યા અને મેન્ડિસનો બોલિંગમાં શાનદાર રેકોર્ડ છે, જેમાં કુલ મળીને લગભગ ૧૫૦ વિકેટ છે.



પ્રભાત જયસૂર્યા અને રમેશ મેન્ડિસની સ્પિન જોડી ભારત સામેની ગાલે ટેસ્ટ મેચમાં શ્રીલંકાનું સૌથી મોટું હથિયાર બની શકે છે. ગાલે સ્ટેડિયમ ખાતે પ્રભાત જયસૂર્યાનો રેકોર્ડ દર્શાવે છે કે તેણે અહીં ૧૧ ટેસ્ટ મેચ રમી છે, જેમાં તેણે ૨૬.૬૨ ની સરેરાશથી ૮૧ વિકેટ લીધી છે. તેણે નવ વખત એક ઇનિંગમાં ૫ વિકેટ લીધી છે અને બે વખત એક મેચમાં ૧૦ વિકેટ પણ મેળવી છે. જયસૂર્યાના સ્પિન પાર્ટનર રમેશ મેન્ડિસે ગાલે ખાતે રમાયેલી ૧૨ ટેસ્ટ મેચમાં ૨૬.૪૩ ની સરેરાશથી ૬૧ વિકેટ લીધી છે, જેમાં પાંચ પાંચ વિકેટ અને એક દસ વિકેટનો સમાવેશ થાય છે.

અત્યાર સુધી, ગાલે ખાતેની પિચો પર સ્પિન બોલરોનું પ્રભુત્વ રહ્યું છે, જે હકીકત ભારતીય ટીમ સારી રીતે જાણે છે. આવી સ્થિતિમાં, ટીમ ઇન્ડિયા પ્રથમ ટેસ્ટ માટે પ્લેઇંગ ઇલેવનમાં ત્રણ ડાબા હાથના સ્પિનરોને સામેલ કરવાનો નિર્ણય લઈ શકે છે, જેમાં માનવ સુથાર કુલદીપ યાદવ અને રવિન્દ્ર જાડેજા સાથે જોડાય તેવી શક્યતા છે. ભારત અને શ્રીલંકા વચ્ચે ગાલે ખાતે પાંચ ટેસ્ટ મેચ રમાઈ છે, જેમાં શ્રીલંકાની ટીમે ત્રણ અને ભારતીય ટીમે બે જીતી છે.

## શ્રીલંકામાં ક્રિકેટ મેચ દરમિયાન પાણી પીવાના મામલે બે ખેલાડીઓ વચ્ચે થયેલા ઝઘડામાં કોચનું મોત થયું

જયારે બધાનું ધ્યાન શ્રીલંકામાં ૧૫ ઓગસ્ટથી શરૂ થઈ રહેલી ભારત અને શ્રીલંકા વચ્ચેની બે મેચની ટેસ્ટ શ્રેણી પર કેન્દ્રિત છે, ત્યારે એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. શ્રીલંકાના ભૂતપૂર્વ ક્રિકેટ કેપ્ટન કુસલ મેન્ડિસને શાળાના દિવસોમાં કોચિંગ આપનારા કોચ સુમિત ફર્નાન્ડોનું ક્રિકેટ મેચ દરમિયાન ખેલાડીઓ સાથે થયેલા ઝઘડા બાદ મૃત્યુ થયું. ૮ ઓગસ્ટના રોજ, કોલંબોમાં એક ક્રિકેટ મેચ દરમિયાન, બે ખેલાડીઓ પીવાના પાણીને લઈને અથડાયા હતા. સુમિત ફર્નાન્ડો આ ઝઘડામાં સામેલ થયો અને તેના પર કથિત રીતે હુમલો કરવામાં આવ્યો. હોસ્પિટલમાં દાખલ થવા છતાં, તેને બચાવી શકાયો નહીં. સુત્રો અનુસાર, કોલંબોમાં એક ક્રિકેટ મેચ દરમિયાન ખેલાડીઓ સાથે ઝઘડા બાદ મૃત્યુ પામેલા ૬૨ વર્ષીય કોચ સુમિત ફર્નાન્ડોના મૃત્યુના સંદર્ભમાં ૧૦ ઓગસ્ટના રોજ પોલીસે ૧૭ વર્ષના ખેલાડીની ધરપકડ કરી હતી. ત્યારબાદ તેને ૧૧ ઓગસ્ટના રોજ કોલંબોની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાં તેને ૧૭ ઓગસ્ટ સુધી કિશોર અટકાયત કેન્દ્રમાં મોકલવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, ૮ ઓગસ્ટના રોજ કોલંબોમાં એક ક્રિકેટ મેચ દરમિયાન, પાણી પીવાના પાણીને લઈને બે ખેલાડીઓ વચ્ચે ઝઘડો થયો હતો. કોચ સુમિત ફર્નાન્ડો આ ઝઘડામાં સામેલ થયો હતો અને તેના પર કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો. આ ઘટના પછી તેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં ૧૧ ઓગસ્ટના રોજ સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું.

## રિલીઝ પહેલા જ ઇતિહાસ રચતા, 'આવારાપન ૨' એ ભાગ ૧ ની એડવાન્સ બુકિંગમાં કુલ કમાણીનો રેકોર્ડ તોડી નાખ્યો

ઇમરાન હાશ્મીની ૨૦૦૭ ની ફિલ્મ 'આવારાપન' આજે ક્લાસિક ગણી શકાય, પરંતુ તેની રિલીઝ પછી, તે બોક્સ ઓફિસ પર નિષ્ફળ ગઈ. ફિલ્મે તેના જીવનકાળમાં ફક્ત ૭.૭ કરોડની કમાણી કરી હતી. જોકે, સમય જતાં, આ ફિલ્મે કેબલ, ટીવી અને ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા અપાર દર્શકોનો પ્રેમ મેળવ્યો, જે એક કલ્ટ ક્લાસિક બની ગઈ. વર્ષો પછી, આ લોકપ્રિયતાનો સીધો ફાયદો હવે તેની સિક્વલને થઈ રહ્યો છે, જે આ સપ્તાહના અંતે થિયેટરોમાં રિલીઝ થવાની તૈયારીમાં છે.

"આવારાપન ૨" માટે એડવાન્સ બુકિંગ તેની રિલીઝના માત્ર ૪૮ કલાક પહેલા ખુલ્યું હતું, પરંતુ પ્રેક્ષકોના ભારે ઉત્સાહને કારણે તેને જબરદસ્ત પ્રારંભિક પ્રતિસાદ મળ્યો હતો. રિલીઝના એક દિવસ પહેલા, ફિલ્મના શરૂઆતના દિવસ માટે ૧.૩ લાખથી વધુ ટિકિટ વેચાઈ ગઈ હતી. ફિલ્મે તેના શરૂઆતના દિવસ માટે લગભગ ૪ કરોડ (આશરે ૪ કરોડ) ની કમાણી કરી લીધી છે. સમગ્ર શરૂઆતના સપ્તાહના અંતે એડવાન્સ બુકિંગના આંકડા સાથે જોડવામાં આવે તો, આ આંકડો ૯ કરોડ (આશરે ૯ કરોડ) ને વટાવી ગયો છે. આમ, ફિલ્મે તેની રિલીઝ



પહેલા જ તેના પહેલા ભાગના કુલ આજીવન કલેક્શનને વટાવી દીધું છે.

૨૦૦૭ માં રિલીઝ થયેલી "આવારાપન", તેના શરૂઆતના દિવસે ૭૯ લાખની કમાણી કરી હતી અને તેના પહેલા સપ્તાહના અંતે ફક્ત ૨.૮૮ કરોડની કમાણી કરી હતી. તેનાથી વિપરીત, "આવારાપન ૨" ઇમરાન હાશ્મીના કરિયરની સૌથી મોટી ઓપનિંગ ફિલ્મ બનવાની દિશામાં આગળ વધી રહી છે. બોક્સ ઓફિસ નિષ્ણાતોનો અંદાજ છે કે આ ફિલ્મ તેના શરૂઆતના દિવસે ?૧૫ થી ?૨૦ કરોડની કમાણી કરી શકે છે. વધુમાં, આ ફિલ્મ વિશ્વભરના થિયેટરોમાં તેના પહેલા સપ્તાહના અંતે ૧૦૦ કરોડનો આંકડો પાર કરવાની ક્ષમતા ધરાવે છે, જે તેના પહેલા ભાગની કુલ કમાણી કરતા અનેક ગણી વધારે છે.

"આવારાપન ૨" આ શુક્રવારે બોક્સ ઓફિસ પર સની દેઓલની "પાર્ટીશન ૧૯૪૭" સાથે સીધી સ્પર્ધા કરી રહી છે. જો કે, વર્તમાન વલણો અને એડવાન્સ બુકિંગના આંકડાઓના આધારે, ટ્રેડ વિશ્લેષકો માને છે કે "આવારાપન ૨" આ સ્પર્ધામાં ઘણી આગળ ઉભરી આવશે. નીતિન કક્કર દ્વારા દિગ્દર્શિત અને વિશેષ ભટ્ટ દ્વારા નિર્મિત, આ ફિલ્મમાં ઇમરાન હાશ્મી ફરી એકવાર તેના આઇકોનિક પાત્ર "શિવમ પંડિત" તરીકે છે. ફિલ્મમાં શબાના આઝમી, દિશા પટણી અને સુવિન્દર વિક્કી પણ અભિનય કરે છે. આ ખૂબ જ અપેક્ષિત ફિલ્મ ૧૪ ઓગસ્ટના રોજ થિયેટરોમાં રિલીઝ થઈ રહી છે.

## ભૂતપૂર્વ ભારતીય ખેલાડી વિનય કુમારને કર્ણાટક ટીમના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા

૨૦૨૫-૨૬ રણજી ટ્રોફીમાં રનર-અપ રહેલા કર્ણાટકએ આગામી સ્થાનિક સિઝન માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે, જેમાં કોચિંગ સેટઅપ અંગે સૌથી મોટો નિર્ણય લેવામાં આવી રહ્યો છે. કર્ણાટક રાજય ક્રિકેટ એસોસિએશને ભૂતપૂર્વ ભારતીય ખેલાડી અને તેજસ્વી ફાસ્ટ બોલર વિનય કુમારને તેના નવા મુખ્ય કોચ તરીકે નિયુક્ત કર્યા છે. અગાઉ, આ પદ યેરે ગૌડ પાસે હતું, જેમના સ્થાને ૪૨ વર્ષીય વિનય કુમારને લેવામાં આવ્યા છે. વિનય કુમારની સાથે, કર્ણાટકના ભૂતપૂર્વ બેટ્સમેન દીપક ચૌગુલેને ફિલ્ડિંગ કોચ તરીકે નિયુક્ત



કરવામાં આવ્યા છે. કર્ણાટક ૨૦૨૬-૨૭ સીઝનમાં ૧૧ ઓક્ટોબરે આંધ્ર સામેની મેચ સાથે રણજી ટ્રોફીમાં ડેબ્યૂ કરશે.

વિનય કુમારની વાત કરીએ તો, તે ટીમ ઇન્ડિયા તરફથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં રમી ચૂક્યો છે. વિનય કુમારે એક ટેસ્ટમાં એક વિકેટ લીધી હતી, જ્યારે તેણે ૩૧ વનડેમાં ૩૮ વિકેટ પણ લીધી હતી. તેણે નવ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં ૧૦ વિકેટ પણ લીધી હતી. ઘરેલુ ક્રિકેટમાં, વિનય કુમારનો ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં પ્રભાવશાળી રેકોર્ડ છે, જ્યાં તે કર્ણાટક માટે રમે છે. વિનય કુમારે ૧૩૯ ફર્સ્ટ-ક્લાસ મેચોમાં ૫૦૪ વિકેટ લીધી છે. રણજી ટ્રોફીના ઇતિહાસમાં સૌથી વધુ ઝડપી બોલર દ્વારા લેવામાં આવેલી વિકેટનો રેકોર્ડ હજુ પણ તેમના નામે છે.

## ટોક્સિક" ફિલ્મના શૂટિંગ દરમિયાન કિયારા અડવાણી ગર્ભવતી હતી, અને યશ તેની સંભાળ રાખતો હતો

અભિનેત્રી કિયારા અડવાણી "ટોક્સિક" ફિલ્મના શૂટિંગ દરમિયાન ગર્ભવતી હતી. મુંબઈમાં એક ફિલ્મ ઇવેન્ટમાં, અભિનેતા યશે ખુલાસો કર્યો કે તે સેટ પર બોડીગાર્ડની જેમ કિયારા અડવાણીની સંભાળ રાખે છે.

ચાહકો ફિલ્મ 'ટોક્સિક' ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ગુરુવારે મુંબઈમાં ફિલ્મના ઓડિયો લોન્ચ સમયે, યશે સેટ પર ગર્ભવતી કિયારા અડવાણીની સંભાળ રાખવા વિશે વાત કરી.

યશે કહ્યું હું તે કેવી રીતે કહી શકું? મને લાગે છે કે કિયારા ખૂબ જ વ્યાવસાયિક અભિનેત્રી



છે. જ્યારે તેણીને આ ફિલ્મ માટે કાસ્ટ કરવામાં આવી, ત્યારે હું ખૂબ જ ચિંતિત હતો કારણ કે તે ખૂબ જ પડકારજનક ફિલ્મ છે. તેઓએ મને પૂછ્યું કે શું મેં ક્યારેય વરસાદી દ્રશ્યોમાં કામ કર્યું છે? મેં કિયારાને ક્યારેય કહ્યું નહીં, પરંતુ તે સરળ અને સારું રહેશે. કિયારાએ જે રીતે પોતાને ફિલ્મ માટે સમર્પિત કરી છે તે અદ્ભુત છે. યશે ખુલાસો કર્યો કે તે ટોક્સિક ફિલ્મના સેટ પર કિયારા અડવાણીની સંભાળ રાખતો હતો.યશે પોતાની વાતચીતમાં આગળ કહ્યું, "મારે કહેવું જ જોઇએ કે તેની ગર્ભાવસ્થા દરમિયાન પણ, તેણીએ સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે કામ કર્યું. હું ખૂબ જ ચિંતિત હતી, અને ગીતુ તેનાથી પણ વધુ ચિંતિત હતી. અમે સેટ પર બાઉન્સર અથવા બોડીગાર્ડ જેવા હતા. અમે તેની સંભાળ રાખી હતી, પરંતુ તેણીએ ખૂબ જ મહેનત કરી. આભાર, કિયારા, આ ક્ષણ ખાસ છે."

યશ ફિલ્મ "ટોક્સિક" માં મુખ્ય ભૂમિકા ભજવે છે. તેમાં કિયારા અડવાણી, નયનતારા, હુમા કુરેશી, તારા સુતારિયા અને રુક્મિણી વસંત પણ છે.

## રાનીને ભારતીય ફિલ્મ મહોત્સવ મેલબોર્ન ખાતે ખાસ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી

રાની મુખર્જીએ તેની કારકિર્દી દરમિયાન વિવિધ પ્રકારની ભૂમિકાઓ ભજવી છે. ક્યારેક તેણીએ સામાજિક ધોરણોને પડકારતી મહિલાઓની ભૂમિકા ભજવી છે, અને ક્યારેક તેણીએ મુશ્કેલ પરિસ્થિતિઓમાં હિંમત બતાવતી મહિલાઓની ભૂમિકા ભજવી છે. હવે, આ બાબતને માન્યતા આપતાં, તેણીને એક વિશેષ સન્માન આપવામાં આવ્યું છે.

ત્રણ દાયકાથી વધુ સમયથી પોતાના શાનદાર અભિનયથી દર્શકોને મંત્રમુગ્ધ કરનાર રાનીને ભારતીય ફિલ્મ મહોત્સવ મેલબોર્ન ખાતે ખાસ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી છે.

અભિનયમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ તેણીને વિશેષ પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યો હતો. ભારતીય સિનેમામાં રાનીની લાંબી અને શાનદાર સફર માટે આ સન્માન એક મહત્વપૂર્ણ



માન્યતા માનવામાં આવી રહી છે.તેણીની કારકિર્દીમાં, તેણીએ ઘણા પાત્રો ભજવ્યા છે જે દર્શકો હજુ પણ યાદ કરે છે.તેણીના પાત્રો અને ફિલ્મોએ ભારત અને વિદેશમાં લોકોના હૃદયને સ્પર્શી ગયા છે.

'બ્લેક', 'હમ તુમ', 'યુવા', 'બંટી ઔર બબલી', 'નો વન કિલ્ડ જેસિકા', 'હિચકી', 'મર્દાની' ફ્રેન્ચાઇઝી અને 'મિસિસ' જેવી ફિલ્મોમાં રાનીના અભિનયને ખૂબ જ પ્રશંસા મળી છે. ચેટર્જી વિરુદ્ધ નોર્વે'.

રાનીએ દરેક ફિલ્મમાં પોતાના પાત્રોને સંપૂર્ણ પ્રામાણિકતા અને ભાવનાથી દર્શાવવાનો પ્રયાસ કર્યો છે. આ જ કારણ છે કે તેના ઘણા પાત્રો હજુ પણ દર્શકોમાં એક ખાસ સ્થાન ધરાવે છે.

આ સન્માન મેળવ્યા પછી, રાની મુખર્જીએ પોતાની ખુશી વ્યક્ત કરતા કહ્યું કે તેની ફિલ્મો, તેના પાત્રો અને તેનો અવાજ ઘરથી પણ આગળ વધી ગયો છે. આ સફર તેના માટે ખૂબ જ ખાસ રહી છે.

રાની માટે આ સન્માન માત્ર તેના અભિનયને ઓળખતું નથી, પરંતુ તે પણ દર્શાવે છે કે ભારતીય સિનેમાની વાર્તાઓ હવે વિશ્વના વિવિધ ભાગોમાં દર્શકો સુધી પહોંચી રહી છે.ઇન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ મેલબોર્ન ૨૦૨૬ ૧૩ થી ૨૩ ઓગસ્ટ સુધી યોજાઈ રહ્યો છે. આ ફેસ્ટિવલમાં ભારતભરની ફિલ્મો, કલાકારો અને ફિલ્મ નિર્માતાઓનું પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે.

# મોટી ખાવડી ગામે ધારાસભ્યની ઉપસ્થિતિમાં 'તિરંગા યાત્રા' યોજાઈ





જામનગર : આઝાદીના પર્વ નિમિત્તે ગ્રામ કક્ષાએ 'તિરંગા યાત્રા' કાર્યક્રમ અંતર્ગત જામનગર તાલુકાના મોટી ખાવડી ગામે 'હર ઘર તિરંગા યાત્રા'નું અત્યંત ઉત્સાહપૂર્વક અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલી આ યાત્રામાં સમગ્ર ગામ રાષ્ટ્રપ્રેમના રંગે રંગાયું હતું. "ભારત માતા કી જય" અને "વંદે માતરમ"ના ગગનભેદી નારાઓ સાથે નીકળેલી આ યાત્રામાં પંચાયતના અધિકારીઓ, પદાધિકારીઓ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

આ કાર્યક્રમ દરમિયાન દેશની આઝાદી માટે પોતાનું અમૂલ્ય યોગદાન આપનાર સેનાના નિવૃત જવાનો તથા શહીદોના પરિવારજનોનું વિશિષ્ટ સન્માન કરી ભાવપૂર્વક કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી હતી. આ સાથે જ, ગામના બાળકો અને યુવાનો દ્વારા 'હર ઘર તિરંગા' થીમ પર આધારિત આઝાદીના વીર શહીદો અને દેશભક્તોની આકર્ષક વેશભૂષા ધારણ કરવામાં આવી હતી. આ વેશભૂષા અને સાંસ્કૃતિક ઉત્સાહે ગ્રામજનો અને ઉપસ્થિત સૌ નાગરિકોમાં દેશભક્તિ અને રાષ્ટ્રપ્રેમની ભાવનાને વધુ સુદ્રઢ બનાવી હતી.

આ પ્રસંગે ડો.વિનુભાઈ ભંડેરી, તાલુકા ભાજપ પ્રમુખ, જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેન, છ..સ.ઝ. ના ચેરમેન, જિલ્લા પંચાયતના સદસ્યઓ, તાલુકા પંચાયતના પ્રમુખ તથા સદસ્યઓ સહિત સ્થાનિક અગ્રણીઓ, યુવાનો તેમજ બહોળી સંખ્યામાં ઉત્સાહી ગ્રામજનો હાજર રહ્યા હતા. આ ભવ્ય તિરંગા યાત્રાએ મોટી ખાવડી ગામમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી પૂર્વે જ એક નવી રાષ્ટ્રીય ચેતના અને એકતાનો સંચાર કર્યો હતો.

## પટેલ કોલોની જૈન ઉપાશ્રયે જિન શાસનની ખુમારી રાષ્ટ્રસેવા અમારી વિષય પર જાહેર પ્રવચન

જામનગર : જામનગર શહેરના પટેલ કોલોની વિસ્તારમાં આવેલ શ્રી રાંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ આરાધના ભુવન ટ્રસ્ટ દ્વારા આરાધના ભવન (શ્રાવક) ઉપાશ્રયે ચાલુ વર્ષે ચાતુર્માસ નિમિત્તે પ.પૂ. મુનિ શ્રી ચંદ્રશેખર મ.સા.ના સંઘારાના પ.પૂ. દિવ્યપદ્મવિજયજી મ.સા. તથા પ.પૂ.આ.ભ. હેમવલ્લભસૂરિજી મ.સા.ના શિષ્યરત્ન પ.પૂ. મુનિરાજ દેવર્ષિવલ્લભવિજયજી મ.સા. બિરાજમાન છે.

દર રવિવારે અલગ અલગ વિષય પર પ.પૂ. મુનિ દેવર્ષિવલ્લભવિજયજી મ.સા. વ્યાખ્યાન (પ્રવચન) આપે છે. જેમાં આ રવિવાર તા. ૧૬-૮-૨૦૨૬ને રવિવારે સવારે ૯:૩૦થી ૧૧ વાગ્યા સુધી જિનશાસનની ખુમારી રાષ્ટ્રસેવા અમારી વિષય પર પ્રવચન આપશે. આવો, શાસનદાસને રાષ્ટ્રદાઝની ભાવનાને જાણીએ એવી સત્ય ઘટના કે પ્રાય: ક્યારેય ન સાંભળી હોય જેનાથી રાષ્ટ્રપ્રેમ અને શાસનની ખુમારી પેદા થાય.

રવિવારે જાહેર પ્રવચનમાં જૈન-જૈનતરો ભાગ લઈ શકશે. સમસ્ત જામનગરના યુવાન-યુવતીઓને આ અવસર ચૂકવા જેવો નથી. આ ઉપરાંત દરરોજ સવારે ૭:૩૦થી ૮:૩૦ સુધી વ્યાખ્યાન તો હોય જ છે.

# ખંભાળિયામાં મહાનુભાવોએ ફ્લેગ ઓફ કરીને તિરંગા યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું




ખંભાળિયા : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સમગ્ર દેશમાં તા.૯થી ૧૭ ઑગસ્ટ દરમ્યાન હર ઘર તિરંગા અભિયાનની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અન્વયે આજરોજ દેવભૂમિ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જામખંભાળિયા ખાતે જિલ્લા કક્ષાની ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા કલેકટર રાજેશ તન્નાએ રાષ્ટ્રભક્તિની ચેતનાને સ્ફૂર્તિ ભવ્ય તિરંગા યાત્રા સંબોધતા જણાવ્યું હતું કે, વડાપ્રધાનની પ્રેરણાથી દેશવાસીઓમાં રાષ્ટ્રભાવના પ્રબળ બને તે માટે હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવે છે. આ સમય રાષ્ટ્ર માટે પોતાના જીવ આપવાનો નહીં પણ જીવવાનો સમય છે રાષ્ટ્રને વિકસિત કરવામાં આપણું યોગદાન આપવાનો સમય છે. રાષ્ટ્રભક્તિ માત્ર સરહદ પર રક્ષા કરતા સૈનિકો જ નહી પણ આપણે સ્વચ્છતા જાળવી, પાણીનો સંયમિત ઉપયોગ કરી તેમજ આપણા સંસાધનો યોગ્ય ઉપયોગ કરી પણ રાષ્ટ્રને વિકસિત કરવા માટે યોગદાન આપી શકીએ છીએ.

આ તકે પોલીસ અધિક્ષક જયરાજસિંહ વાળાએ રાષ્ટ્રધ્વજ તિરંગાને આપણી શાન ગણાવતા કહ્યું હતું કે, રાષ્ટ્રધ્વજ આપણી આન,બાન અને શાનની સાથે સાથે સાહસ અને ગૌરવનું પ્રતીક છે તેમ જણાવ્યું હતું.

સ્વાતંત્ર્ય પર્વની આન, બાન, શાનથી ઉજવણીની તૈયારીઓ વચ્ચે 'હર ઘર તિરંગા અભિયાન હેઠળ આયોજિત ભવ્ય તિરંગા યાત્રાનું મહાનુભાવોએ પ્રાંત કચેરી,જામખંભાળિયા ખાતેથી પ્રસ્થાન કરાવ્યું હતું.

દેશભક્તિની ભાવનાને ઉજાગર કરતી તિરંગા યાત્રા પ્રાંત કચેરીથી શરૂ થઈ જી.વી.જે હાઈસ્કૂલ, નગર ગેટ થઈ મહાપ્રભુજી બેઠક રોડ થઈ પ્રાંત કચેરી ખાતે સમાપ્ત થઈ હતી. સમગ્ર યાત્રાના રૂટ પર વંદે માતરમ, ભારત માતા કી જય સહિતના દેશભક્તિના ગીતોએ નાગરિકોમાં અનેરો ઉત્સાહ સ્ફૂર્યો હતો.

આ તિરંગા યાત્રા પૂર્વે શ્રી રાજશક્તિ રાસ મંડળ, શ્રી રાધે રાસ મંડળ તથા કૃષ્ણ કલાવૃંદ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યાં હતાં. જે નાગરિકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યાં હતાં. આ ભવ્ય તિરંગા યાત્રામાં જિલ્લા પંચાયત ઉપપ્રમુખ ચિમનભાઈ નકુમ, પ્રાંત અધિકારી કે.કે.કરમટા, જિલ્લા યુવા વિકાસ અધિકારી પરબત હાથલિયા, અગ્રણી કશ્યપભાઈ ડેર, શક્તિસિંહ જાડેજા, વનરાજસિંહ વાઢેર, રસિકભાઈ નકુમ, રચનાબેન મોટાણી સહિત વિદ્યાર્થીઓ, પોલીસ સ્ટાફ, અધિકારીઓ, કર્મચારીઓ, સામાજિક અગ્રણીઓ, પ્રબુધ્ધ નાગરિકો સહિત નગરજનો હર્ષભેર જોડાયા હતાં.

# અલીયાબાડા ગામના ઉપસરપંચ પર થયેલ હુમલાનાં કેસમાં આરોપીના જામીન રદ

જામનગર : જામનગર તાલુકાના આલિયાવાડા ગામના ઉપ સરપંચ ઉપર થયેલા હુમલાના કેસમાં આરોપીની જામીન અરજી સેશન્સ અદાલત દ્વારા રદ કરવામાં આવી છે.

આ કેસની હકીકત એવી છે કે, અરજદાર આરોપી અસલમ અમીનભાઈ ડોસાણીએ ગુન્હાનાં સહ આરોપી મામદ જુસબભાઈ અબડાને ફરીયાદી તેને ઉપસરપંચ બનવા દેતા ન હોય તથા હેરાન પરેશાન કરે છે. જેથી તેનો નીકાલ કરવા અંગે અરજદાર આરોપીએ સહ આરોપી મામદ જુસબભાઈ અબડાને કામમાં મદદ કરવા તથા તેના બદલે તેને ૩૦ થી ૪૦ હજાર રૂપીયા આપશે તેમ કહી બન્ને આરોપીઓએ મળી કાવતરૂ ઘડી સહ આરોપી મામદ જુસબભાઈ અબડાએ ફરીયાદી કે જે હાલ અલીયાબાડા ગામનાં ઉપસરપંચ હોય તેઓ ગત તા.૧૭/૭ નાં રોજ અલીયાબાડા ગામથી જામનગર પરત આવતા હોય તે દરમ્યાન અલીયાબાડા ગામની ફાટક પાસે પહોંચતા પાછળથી એક સીલ્વર કલરની મો.સા. તેની ફોરવ્હીલ ગાડીની આગળ થયેલ અને રસ્તામાં ગાડીની આગળ મો.સા. ઉભુ રાખી તેને તેની ગાડી ઉભી રખાવતા સહ આરોપી કહેવા લાગેલ કે તે જી.ઈ.બી માં લાઈટની અરજી કેમ કરેલ છે તેમ કહી

જેમ ફાવે તેમ ભુંડા ગાળો આપવા લાગેલ અને ત્યાં રસ્તામાં સાઈડમાં પડેલ બેજબોલનો ધોકો લઈ શરીરે આડેધડ ધોકા વડે હુમલો કરી માર મારવા લાગેલ તથા ફરી વખત મળીશ તો જાનથી મારી નાખવા અંગેની ધમકી આપી હતી.

ત્યારબાદ ફરીયાદી દ્વારા પંચ એ ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે ક્ષસહ આરોપી મો.સા.ચાલક વિરુધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવામાં આવેલ હતી. જેમાં

અસલમ અમીનભાઈ ડોસાણીનું નામ ખુલતા બન્ને આરોપીઓને જેલ હવાલે કરવામાં આવેલ હતા. જેથી આરોપી અસલમ અમીનભાઈ ડોસાણીએ જામનગરની સેશન્સ અદાલતમાં જામીન પર છુટવા અરજી કરેલ હતી. જે અરજી અદાલતમાં ચાલી જતા જીલ્લા સરકારી વકીલ જમન કે. ભંડેરીએ અદાલત સમક્ષ દલીલ કરતા જણાવેલ હતુ કે આરોપીનો

ગુન્હાકીય ઈતીહાસ છે તથા આરોપીના જામીન મંજુર કરવામાં આવશે તો સામાન્ય લોકોમાં કાયદાનો ભય નહી રહે જેથી આરોપીની જામીન અરજી ના મંજુર કરવા રજૂઆત કરેલ હતી. અદાલતે બન્ને પક્ષની દલીલો સાંભળી અરજદાર આરોપીની જામીન અરજી ના મંજર કરવા આદેશ થયો છે.

## કાલાવડ તાલુકાની શાળાઓમાં મધ્યાહન ભોજન કેન્દ્રોમાં જગ્યાઓ માટે અરજી કરી શકાશે

જામનગર : ઓગસ્ટ,જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામાં આવેલ પ્રાથમિક શાળાઓમાં ચાલતા મધ્યાહન ભોજન કેન્દ્રોમાં સંચાલક કમ કુક અને કુક કમ હેલ્પરની ખાલી પડેલી જગ્યાઓ માટે નિમણૂક કરવાની છે. જેમાં ધાંધલ પિપળીયા પ્રાથમિક શાળા, બેડીયા પ્રાથમિક શાળા, ખંઢેરા તાલુકા શાળા, પિઠડધામનેસ વાડી શાળા, નાના બાદનપર પ્રાથમિક શાળામાં સંચાલક કમ કુક અને કૂક કમ હેલ્પર તથા શીવનગર પ્રાથમિક શાળા, જુવાનપર પ્રાથમિક શાળા અને રાજસ્થળી પ્રાથમિક શાળામાં સંચાલક કમ કુકની ખાલી પડેલી જગ્યાઓ માટે ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે.

આ યોજનામાં સંચાલક તરીકે અરજી કરનાર ઉમેદવારો તે જ ગામના વતની અને ધો.૧૦ પાસ હોવા જોઈએ. જો ગામમાં આવી વ્યક્તિ ન મળે તો ધોરણ-૭ પાસ કરનાર અન્ય વ્યક્તિની નિમણૂક કરી શકાશે. આ ઉપરાંત ગામડાની વિધવા, ત્યકતા, નિરાધાર સ્ત્રીઓ તેમજ આર્થિક રીતે નબળી વયક્તિઓ તથા ગરીબી રેખા નીચે જીવતા લોકોને નિમણૂકમાં અગ્રતા આપવામાં આવશે તથા ૨૦ વર્ષ થી ૬૦ વર્ષની વયમર્યાદા ધરાવતા સ્થાનિક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે, જેમાં લાયકાત ધરાવતા ઉમેદવારોને સરકારના નિયમો અનુસાર નિયત થયેલ ધોરણ મુજબ માસિક માનદવેતન ચુકવવામાં આવશે. અરજી કરવા ઈચ્છુક ઉમેદવારોએ તા.૧૮/૮ સુધીમાં રજા સિવાયના દિવસોએ ૧૧ કલાકથી સાંજના ૬ કલાક દરમ્યાન મામલતદાર કચેરી, કાલાવડ ખાતેથી ફોર્મ મેળવી નિયત સમય મર્યાદામાં પહોંચાડવાના રહેશે.

ઉમેદવારોએ અરજી ફોર્મની સાથે પરીક્ષા પાસ કર્યાના પ્રમાણપત્રો, જન્મનું પ્રમાણપત્ર, જાતિનું પ્રમાણપત્ર, રેશનકાર્ડ, લાઈટબિલ, ચુંટણીકાર્ડ, બેંક પાસબુકની નકલ તથા આધારકાર્ડ આ તમામની પ્રમાણિત નકલો તથા શારિરીક તંદુરસ્તી અંગેનું તબીબી પ્રમાણપત્ર, પોલીસ વેરીફીકેશન પ્રમાણપત્ર તેમજ સંપુર્ણ નામ, સરનામા, મોબાઈલ નંબરની વિગતો સહિત અરજી ફોર્મ તા.૧૮/૮ ના રોજ સાંજે ૬ કલાક સુધીમાં રજુ કરવાના રહેશે. નિયત તારીખ અને સમય બાદના અરજી ફોર્મ ધ્યાનમાં લેવામાં આવશે નહિ. સંબંધિત અરજદારોએ ઈન્ટરવ્યૂ માટે તા.૨૦/૮ના રોજ બપોરે ૧૨ કલાકે પોતાના અસલ તમામ આધારો અને પ્રમાણપત્રો સાથે મામલતદાર કચેરી, કાલાવડ ખાતે હાજર રહેવા કાલાવડ મામલતદારની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## ભોગાત અને મોટા ભાવડા ગામેથી દેશી દારૂની ચાલુ ભઠ્ઠી ઝડપાઈ

દ્વારકા : કલ્યાણપુરના તાલુકાના ભોગાત અને દ્વારકાના મોટા ભાવડા ગામે પોલીસે દરોડા દરમિયાન દેશી દારૂ બનાવવાનો ચાલુ ભઠ્ઠી ઝડપી લઈ બે શખ્સની અટકાયત કરી હતી અને સ્થળપરથી કુલમળી રૂ. ૨૫ હજારનો મુદ્દામાલ કબ્જે લઈ બન્ને વિરુદ્ધ દારૂબંધી ધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર કલ્યાણપુર તાલુકાના ભોગાત ગામે દ્વારકા જિલ્લા એલસીબી પોલીસે દરોડો પાડી દેશી દારૂ બનાવવાની ચાલુ ભઠ્ઠી ઝડપી લીધી હતી જેમાં રૂ. ૪ હજારની કિંમતનો ૨૦ લીટર દેશી દારૂ તથા ૩૦ લીટર કાચો આથો અને અન્ય સાધન - સામગ્રી મળી રૂ. ૧૪૩૨૫ નો મુદ્દામાલ મળી આવતા મુળુભાઈ હરદાસભાઈ લુણા નામના શખ્સની અટકાયત કરી હતી.

જ્યારે દ્વારકાના નાના ભાવડા ગામે રહેતા મનીષભા બુધાભા સુમણીયા નામના શખ્સની કબ્જા ભોગવટાની વાડીએ સ્થાનિક પોલીસે દરોડો પાડી રૂ. ૬ હજારની કિંમતનો ૩૦ લીટર દેશી દારૂ અને આથો તેમજ અન્ય સાધન - સામગ્રી મળી આવતા તેની અટકાયત કરી સ્થળપરથી રૂ. ૧૦૭૫૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

## દ્વારકા ખાતે તાલુકા તથા નગરપાલિકા કક્ષાની "તિરંગા યાત્રા" યોજાઈ



દ્વારકા : સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના પુર્વે સમગ્ર રાજયમા ઉત્સાહપૂર્વક ભવ્ય તિરંગા યાત્રાઓ યોજાઇ રહી છે. ત્યારે દેવભુમિ દ્વારકા જિલ્લાના દ્વારકા તાલુકા અને નગરપાલિકા કક્ષાની તિરંગા યાત્રા યોજાઈ હતી. આ યાત્રામાં અંદાજીત મોટી સંખ્યામાં નગરજનો, બાળકો સહભાગી થતા દ્વારકા દેશભક્તિના રંગે રંગાયું હતું. આ ત્રિરંગા યાત્રાનો પ્રારંભ હાથી ગેટથી થયો હતો. ત્યાંથી યાત્રા આગળ વધીને દ્વારકાધીશ મંદિર ખાતે વિરમી હતી. આ પ્રસંગે ઈન્ચાર્જ પ્રાંત અધિકારી હિમાંશુ ચૌહાણ, મામલતદાર અનિલ ભેડા, તાલુકા વિકાસ અધિકારી રાણા ઓડેદરા સહિત સ્થાનિક સામાજિક અને રાજકીય આગેવાનો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત તાલુકાની કચેરીઓના અધિકારી-કર્મચારીઓ, નગરજનો, એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ અને શાળાના બાળકો આ યાત્રામાં જોડાયા હતા. જેના કારણે સમગ્ર રૂટ પર દેશપ્રેમનો માહોલ સર્જાયો હતો.

# વિદ્યાસાગર ઈન્ફોટેક કોલેજ દ્વારા સૌરાષ્ટ્ર યુનિ. આંતર કોલેજ બેડમિન્ટન સ્પર્ધા





જામનગર : વિદ્યાસાગર ઈન્ફોટેક કોલેજ દ્વારા તા.૧૦/૮/૨૦૨૬ સોમવારના રોજ જે. એમસી સ્પોર્ટ કોમ્પ્લેક્સ ખાતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આંતર કોલેજ બેડમિન્ટન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માંથી અંદાજે ૨૫ કોલેજના ૫૪ જેટલા વિદ્યાર્થી ભાઈઓએ ભાગ લીધો હતો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સ્પોર્ટસ કેલેન્ડરની આ ચોથી ટુર્નામેન્ટ હતી. આ ટુર્નામેન્ટમાં વિજેતા થયેલ પ્રથમ છ ખેલાડી ભાઈઓ આવતા દિવસોમાં આંતર યુનિવર્સિટી સ્પર્ધામાં ભાગ લેવા જશે અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરશે.આ સ્પર્ધાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં શારીરિક,માનસિક અને સામાજિક કૌશલ્યો ખીલવવાનો હતો.તેમજ રમતગમતની ભાવના કેળવવી, પ્રતિસ્પર્ધી સાથે આદર ભાવ રાખવું, જીત અને હાર બંનેને સમાન ભાવે સ્વીકારતા શીખવવાનો હતો.

આ સ્પર્ધામાં પ્રથમ નંબરે શિવાંશ પંડ્યા કે.કે. પારેખ કોલેજ,અમરેલી બીજા નંબરે યોગેશ ચાવડા વિવેકાનંદ કોલેજ,રાજકોટ ત્રીજા નંબરે મિલાપ ચૌધરી GMERS મેડિકલ કોલેજ,મોરબી ચોથા નંબરે દર્શિત કટારીયા વિવેકાનંદ કોલેજ,રાજકોટ પાંચમાં નંબરે અમુલ ચૌહાણ યુ.એન.મહેતા આર્ટસ કોલેજ,મોરબી અને છઠ્ઠા નંબરે એ.અર્જુન એમ.પી. શાહ મેડિકલ કોલેજ,જામનગર વિજેતા થયેલ છે. વિજેતા થયેલ વિદ્યાર્થીઓને ટ્રોફી તથા સર્ટીફીકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે જામનગર જિલ્લા મેયર મોનિકાબેન વ્યાસ, ભાજપ પ્રમુખ બિનાબેન કોઠારી, ધારાસભ્ય દિવ્યેશભાઇ અકબરી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ધીરેનભાઈ મોનાણી, શાસક પક્ષનેતા અમરભાઈ મોદી, મહામંત્રી વિજયભાઈ જેઠવા, ભાવેશભાઈ કાનાણી, મંત્રી યતીનભાઈ પંડ્યા, લાખાભાઈ પિંડારિયા, વેલજીભાઈ નકુમ, બક્ષીપંચ મોરચાના પ્રમુખ વિરલભાઈ બારડ, વોર્ડ નંબર ૧ના કોર્પોરેટર દર્શનભાઈ શેઠ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ નિયામક ડો. હરીશ રાબા, કોલેજ મેનેજમેન્ટના સભ્ય ડો.દક્ષ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધાનું સંચાલન કોલેજના પ્રિન્સિપાલ રામ કેવલરામાણી, શારીરિક શિક્ષણના અધ્યાપક હિરેન ગોહિલ તથા કોલેજની સમગ્ર ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ધ્રોલના ભૂચરમોરી ખાતે સ્વાતંત્ર્યદિનની જિલ્લા કક્ષાની ઉજવણીનું રીહર્સલ



જામનગર : રાજયના વન અને પર્યાવરણ મંત્રી અને જામનગર જિલ્લાના પ્રભારીમંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાની અધ્યક્ષતામાં જામનગર જિલ્લા કક્ષાના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ધ્રોલ તાલુકાના ભૂચરમોરી ખાતે કરવામાં આવશે. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી સુચારૂ અને ભવ્ય રીતે સંપન્ન થાય તેના ભાગરૂપે જામનગર જિલ્લા કલેકટર પી.બી.પંડ્યાની ઉપસ્થિતમાં ભૂચરમોરી ખાતે સમગ્ર કાર્યક્રમ અંગે રીહર્સલ યોજાયું હતું.

રિહર્સલ દરમિયાન ધ્વજવંદન, પરેડ, સાંસ્કૃતિક કાર્યક્રમો, મહાનુભાવોના આગમન સહિતની વિવિધ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. કલેકટરએ સંબંધિત વિભાગોના અધિકારીઓને કાર્યક્રમની તમામ તૈયારીઓ સમયસર અને સુવ્યવસ્થિત રીતે પૂર્ણ કરવા સૂચના આપી હતી. આ દરમિયાન નિવાસી અધિક કલેકટર વિમલ ચૌધરી, જામનગર ગ્રામ્ય પ્રાંત અધિકારી બ્રિજેશ કાલરીયા, વિવિધ વિભાગોના અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.




# જિલ્લામાં મીલીપેડ ઈયળનો ઉપદ્રવ અટકાવવા માટે માર્ગદર્શિકા જાહેર

જામનગર : જામનગર જિલ્લાના કેટલાક ગામોમાં મીલીપેડ ઈયળનો ઉપદ્રવ જોવા મળ્યો છે. સામાન્ય રીતે આ જીવાત માણસ જાત પશુ કે ખેતીના પાકોને નુકસાન કરતી નથી. પરંતુ વધારે ઉપદ્રવ હોય તો તેના નિયંત્રણ માટે ખેતીવાડી અધિકારી જામનગર દ્વારા માર્ગદર્શિકા જાહેર કરાઈ છે.

માર્ગદર્શિકા મુજબ આ જીવાતનો ખોરાક કહેવાતા પદાર્થો છે. આ જીવાત ઘાસના ઢગલા, પાંદડાના ઢગલા, કચરો, કોહવાતા પદાર્થો, સડતા લાકડા વગેરે ઘરની આજુબાજુથી દૂર કરવા અથવા સળગાવી નાશ કરવો, ભેજ દૂર કરવો, ઘરના બારી બારણા બંધ રાખવા, તિરાડો કે કાણા પૂરી દેવા, ઘરની દીવાલોમાં ત્રણ ફૂટ સુધી જંતુનાશક દવાઓનો છંટકાવ કરવો, મીઠાના દ્રાવણનો છંટકાવ કરવો.

જો વધુ ઉપદ્રવ જણાય તો તાત્કાલિક નિયંત્રણ માટે સાયપર મેથ્રીન ૨૫ મિ.લી., ફ્લોરપાયરીફોસ ૫૦ મિ.લી., કારટેપ હાઈડ્રોક્લોરાઈડ ૧૦ ગ્રામ આ ત્રણેય દવા ૧૫ લીટર પાણીમાં નાખી છંટકાવ કરવા માટે ઉપયોગમાં લઈ શકાય તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

































# ઐતિહાસિક સ્થળ ભૂચરમોરી ખાતે જામનગર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી




ધ્રોલ : જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં આવેલ ઐતિહાસિક સ્થળ ભૂચરમોરી ખાતે જિલ્લા કક્ષાના ૮૦ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી રાજ્યના વન અને પર્યાવરણ મંત્રીશ્રી અને જામનગર જિલ્લાના પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી હતી. મંત્રીએ ધ્વજવંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી આપી રાષ્ટ્રગાન કર્યું હતું. ત્યારબાદ કલેક્ટર પી.બી.પંડયા અને જિલ્લા પોલીસ વડાશ્રી ડો.રવિમોહન સૈની સાથે વિવિધ ૯ જેટલી પ્લાટૂન પરેડનું જેમાં પુરુષ પોલીસ પ્લાટૂન, મહિલા પોલીસ પ્લાટૂન, હથિયારધારી હોમગાર્ડ, બિનહથિયારધારી હોમગાર્ડ, સ્ટુડન્ટ પોલીસ કેડેટ્સ, એનસીસી પ્લાટૂન, ડોગ સ્કવોર્ડ, માઉન્ટેડ યુનિટ, પોલીસ બેન્ડ વિભાગનું નિરીક્ષણ કર્યું હતું.

મંત્રીએ સૌ જામનગરવાસીઓને ૮૦ માં સ્વાતંત્ર્ય પર્વની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, દેશને આઝાદી અપાવવામાં પોતાનું મહામૂલું પ્રદાન કરનાર સ્વાતંત્ર્ય સેનાનીઓ તેમજ શહીદોને નમન. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે અનેક જનકલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે, જેના લાભથી કરોડો લોકોના જીવનમાં પરિવર્તન આવ્યું છે. આયુષ્માન ભારત યોજના દ્વારા દેશના ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને ગુણવત્તાસભર આરોગ્યસેવાની સુરક્ષા મળી છે. ઉજ્જવલા યોજના દ્વારા માતા-બહેનોને ધુમાડામુક્ત રસોડાની સુવિધા મળી છે, જનધન યોજના દ્વારા દેશના કરોડો નાગરિકોને બેન્કિંગ વ્યવસ્થા સાથે જોડવામાં આવ્યા છે, જ્યારે પીએમ સૂર્યઘર યોજના જેવી પહેલો દ્વારા સ્વચ્છ ઊર્જાના ક્ષેત્રમાં પણ દેશ આગળ વધી રહ્યો છે. "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત ૧૭ કરોડથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે, જે હરિયાળા અને સ્વસ્થ ભારતના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

રમતગમતના ક્ષેત્રમાં પણ ભારતે વૈશ્વિક સ્તરે પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. ૩૯ પદકો સાથે કોમનવેલ્થ ગેમમાં રમત ગમત ક્ષેત્રે પણ ખેલાડીઓએ અદભૂત પ્રદર્શન કર્યું છે. ૨૪મી કોમનવેલ્થ ગેમ્સના આયોજનનું ગૌરવ ભારતને અને ખાસ કરીને ગુજરાતને પ્રાપ્ત થયું છે. આ માત્ર ગુજરાત માટે જ નહીં, સમગ્ર દેશ માટે ગર્વની ક્ષણ છે. ગુજરાતે નાગરિકોની સુરક્ષા માટે આતંકવાદ અને સંગઠિત ગુનાઓ સામે કડક કાર્યવાહી કરીને રાજ્યમાં શાંતિ અને સલામતીનું વાતાવરણ જાળવી રાખવામાં સફળતા મેળવી છે. એક સમય હતો જ્યારે કાશ્મીર આતંકવાદ અને હિંસાના સમાચારોથી ચર્ચામાં રહેતું હતું. પરંતુ આજે કાશ્મીર દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે.

આરોગ્ય ક્ષેત્રે ગુજરાતે સતત પ્રગતિ કરી છે. માનવ વિકાસ સૂચકાંકમાં સુધારો, સરેરાશ આયુષ્યમાં વધારો અને બાળકોના આરોગ્યમાં થયેલો સુધારો રાજ્યની સફળતાની સાબિતી છે. રાજ્ય સરકાર માતાના ગર્ભધારણથી લઈને બાળકના સર્વાંગી વિકાસ સુધી સતત આરોગ્ય સેવાઓ અને પોષણની સુવિધાઓ પૂરી પાડે છે. દીકરીઓના સ્વાસ્થ્ય અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને સર્વાઇકલ કેન્સર વિરોધી રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે, જેના અંતર્ગત ૫ લાખ કિશોરીઓને રસી આપવામાં આવી છે. પીએમ સૂર્યઘર યોજના દ્વારા ઘરો પર સોલાર પેનલ સ્થાપિત કરવાની દિશામાં ગુજરાત દેશના અગ્રણી રાજ્યોમાં સ્થાન પામ્યું છે. સ્થાનિક ઉત્પાદનોને વૈશ્વિક ઓળખ અપાવવા માટે જીઆઈ ટેગિંગની દિશામાં પણ ગુજરાત આગળ વધી રહ્યું છે.

'ઈઝ ઓફ લિવિંગ'ના અભિગમ સાથે રાજ્ય સરકારે શહેરી વિકાસને નવી દિશા આપી છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં નવી ૯ મહાનગરપાલિકાઓની રચના કરીને શહેરી વિકાસને વધુ ગતિ આપવામાં આવી છે. તેના પરિણામે નાગરિકોને વધુ સારી અને સુલભ સેવાઓ મળી રહી છે. સરકારનું સ્વપ્ન માત્ર શહેરોના વિકાસનું નથી, પરંતુ એવા સમૃદ્ધ ગામડાંનું છે જ્યાં ગામડાનું સ્વરૂપ જળવાઈ રહે અને સાથે શહેર જેવી તમામ આધુનિક સુવિધાઓ પણ ઉપલબ્ધ બને. આ દિશામાં રાજ્ય સરકાર સતત કાર્યરત છે.

વિકસિત ભારત-૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવામાં ખેડૂતોની ભૂમિકા અત્યંત મહત્વની છે અને તેથી જ કૃષિ અને ગ્રામ વિકાસને સરકારની પ્રાથમિકતા આપવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ સરકાર ખેડૂતોની પડખે મજબૂત રીતે ઉભી છે. ગયા વર્ષે થયેલા અતિભારે વરસાદ અને કુદરતી નુકસાન બાદ રાજ્યના હજારો ખેડૂતોને કરોડો રૂપિયાની સહાય સીધી તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવી હતી. પારદર્શિતા અને ઝડપી સહાયનું આ ઉત્તમ ઉદાહરણ છે.

ખેડૂતોને તેમના પાકના યોગ્ય ભાવ મળી રહે તે માટે સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળી સહિત વિવિધ કૃષિ ઉત્પાદનોની મોટા પાયે ખરીદી કરવામાં આવી છે. પ્રાકૃતિક ખેતીના ક્ષેત્રમાં પણ ગુજરાત દેશને નવી દિશા આપી રહ્યું છે. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં પ્રાકૃતિક ખેતીનું વ્યાપક અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જળસંપત્તિ ક્ષેત્રે પણ ગુજરાતે ઐતિહાસિક કામગીરી કરી છે. નર્મદા યોજના ગુજરાતના વિકાસની કરોડરજ્જુ સમાન છે. નર્મદાના વધારાના પાણીનો મહત્તમ ઉપયોગ થાય અને ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર તથા કચ્છ જેવા વિસ્તારોને પાણીનો લાભ મળે તે માટે વિશાળ આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

દેશના કુલ વેટલેન્ડ વિસ્તારમાં નોંધપાત્ર હિસ્સો ગુજરાતમાં આવેલો છે. રાજ્યમાં આવેલા મહત્વના વેટલેન્ડ વિસ્તારોને માત્ર પર્યાવરણીય દૃષ્ટિએ જ નહીં પરંતુ પક્ષી અભયારણ્ય અને પર્યટન સ્થળ તરીકે પણ વિકસાવવામાં આવ્યા છે. સમગ્ર વિશ્વમાં એશિયાટિક સિંહો માત્ર બે જ વિસ્તારોમાં જોવા મળે છે — એક આફ્રિકા અને બીજું ગુજરાત. ગીરના સિંહો ગુજરાતની આગવી ઓળખ છે. સિંહ સંરક્ષણ માટે રાજ્ય સરકારે લાંબા સમયથી સતત અને અસરકારક પ્રયાસો કર્યા છે, જેના કારણે આજે સિંહોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ગીર ઉપરાંત હવે બરડામાં પણ સિંહોની વસાહતો વિકસતી જોવા મળી રહી છે, જે ગુજરાત માટે ગૌરવની વાત છે. વન અને પર્યાવરણ વિભાગ દ્વારા વન મહોત્સવ, કાર્બન ઉત્સર્જન ઘટાડવાના પ્રયાસો, સાંસ્કૃતિક વનો અને જૈવ વૈવિધ્યતાના સંરક્ષણ જેવી અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે.

રાજ્યના યુવાનોને રોજગારી મળે તે માટે તો ઉદ્યોગો મહત્વના છે જ, પરંતુ દેશના અન્ય રાજ્યોમાંથી પણ યુવાનો રોજગારી માટે ગુજરાત તરફ આકર્ષાય છે. ગુજરાતની ઉદ્યોગલક્ષી નીતિઓ અને સુવિધાઓએ રાજ્યને દેશના વિકાસ એન્જિન તરીકે સ્થાપિત કર્યું છે. જામનગર માત્ર ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના ઔદ્યોગિક નકશા પર આગવું સ્થાન ધરાવે છે. પેટ્રોકેમિકલ, રિફાઈનરી, બંદર અને અન્ય અનેક ઉદ્યોગોના કારણે જામનગર હજારો પરિવારોને રોજગારી આપી રહ્યું છે. માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ રાજકોટ, મોરબી અને જામનગરને આગામી વિકાસના મહત્વપૂર્ણ કેન્દ્રો તરીકે આગળ વધારવાની દિશામાં માર્ગદર્શન આપ્યું છે.

જામનગરનું બંદર, ઔદ્યોગિક માળખું અને વૈશ્વિક કક્ષાની સુવિધાઓ રાજ્યના આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. આજે જામનગરનું નામ માત્ર ગુજરાત કે ભારત પૂરતું મર્યાદિત નથી, પરંતુ વિશ્વના ઔદ્યોગિક નકશા પર ગૌરવપૂર્ણ રીતે અંકિત થયું છે. વાડીનાર વિસ્તારમાં શિપ રિપેરિંગ ક્લસ્ટર અને પોરબંદર વિસ્તારમાં શિપ બિલ્ડિંગ ક્લસ્ટરને પ્રાથમિક મંજૂરી મળી છે. આ બંને પ્રોજેક્ટ્સના અમલીકરણથી હજારો કરોડ રૂપિયાનું રોકાણ આવશે અને નિહારીકા રવિયા મોટી સંખ્યામાં રોજગારીની નવી તકો સર્જાશે.

રાજકોટ-જામનગર-દ્વારકા, રાજકોટ-સોમનાથ અને અન્ય મહત્વપૂર્ણ માર્ગો પર પણ રેલવે સુવિધાઓને વધુ મજબૂત બનાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. કોઈપણ રાજ્ય અને દેશનો સાચો વિકાસ ત્યારે જ શક્ય બને છે જ્યારે તેના નાગરિકો શિક્ષિત બને. શિક્ષણ એ માત્ર વ્યક્તિના જીવનમાં પરિવર્તન લાવતું સાધન નથી, પરંતુ સમગ્ર સમાજ અને રાષ્ટ્રના વિકાસનો પાયો છે.

ગુજરાત સરકારે શિક્ષણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ સંકલ્પ કર્યો છે કે રાજ્યનો એકપણ બાળક ધોરણ-૧૨ સુધીના શિક્ષણથી વંચિત ન રહે. દરેક બાળકને શિક્ષણનો અધિકાર મળે અને તે પોતાના સપનાઓ સાકાર કરી શકે તે માટે સરકાર સતત કાર્યરત છે. જે બાળકો કોઈ કારણસર અભ્યાસ અધૂરો છોડીને શાળાથી દૂર થઈ ગયા છે, તેમને ફરીથી શિક્ષણની મુખ્યધારામાં જોડવા માટે વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.આપણું લક્ષ્ય માત્ર બાળકોને શાળામાં દાખલ કરવાનું નથી, પરંતુ તેમને ગુણવત્તાસભર શિક્ષણ, યોગ્ય માર્ગદર્શન અને ઉજ્જવળ ભવિષ્ય આપવાનું છે. કારણ કે શિક્ષિત યુવા શક્તિ જ વિકસિત ગુજરાત અને વિકસિત ભારતના નિર્માણની સૌથી મોટી તાકાત છે.

ગુજરાત માત્ર ઉદ્યોગ, કૃષિ અને વેપાર ક્ષેત્રે જ નહીં, પરંતુ રમતગમત અને પ્રવાસન ક્ષેત્રે પણ નવી ઓળખ ઉભી કરી રહ્યું છે. રાજ્યના યુવાનોને તેમની પ્રતિભા દર્શાવવા કોમનવેલ્થ ગેમ્સ જેવી વૈશ્વિક કક્ષાની રમતોત્સવની યજમાની કરવાનો ગૌરવ ગુજરાતને પ્રાપ્ત થવા જઈ રહ્યો છે. અત્યાર સુધી આવા મોટા રમતોત્સવોની યજમાની દેશો કરતા હતા, પરંતુ હવે ગુજરાતને આ ઐતિહાસિક તક મળવી એ સમગ્ર રાજ્ય માટે ગૌરવની બાબત છે. રાજ્ય સરકાર દ્વારા દરેક જિલ્લામાં જિલ્લા રમતગમત સંકુલ અને દરેક તાલુકામાં તાલુકા રમતગમત સંકુલ વિકસાવવાની દિશામાં કામગીરી કરવામાં આવી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ "વિકાસ પણ, વિરાસત પણ"નો જે મંત્ર આપ્યો છે, તે મુજબ રાજ્યમાં વિકાસ અને સાંસ્કૃતિક વારસાનું સંરક્ષણ બંનેને સમાન મહત્વ આપવામાં આવી રહ્યું છે.

આ ઉજવણીમાં જિલ્લા પંચાયતના પ્રમુખ રંજનબેન જીવાણી, જિલ્લા વિકાસ અધિકારી નિશા, નિવાસી અધિક કલેક્ટર વિમલ ચૌધરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શારદા કાથડ, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સદસ્યઓ, પ્રાંત અધિકારીઓ, વિવિધ વિભાગોના અધિકારીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષકો, આગેવાનો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન હરિદેવ ગઢવી દ્વારા કરવામાં આવ્યું હતું.

## યુસીજી-૨૬ કાયદા સુધારક વિધેયક પાછુ ખેંચવા જામનગરમાં રાજપૂત સમાજ સંસ્થાઓ દ્વારા આવેદન




જામનગર : યુનિવર્સીટી ગ્રાન્ટ કમિશન કાયદો-૨૦૨૬નો રાજસ્થાન સહિતના રાજ્યોમાં સવર્ણોએ ભારે વિરોધ કર્યો છે, ત્યારે જામનગરમાં પણ રાજપુત સમાજના વિવિધ સંગઠનોએ એક થઈને વિદ્યાર્થીઓના સમાનતાના અધિકાર અને જાતિ-ધર્મ ભેદભાવ નિતિ હેઠળ સવર્ણ વિદ્યાર્થીઓ-સવર્ણ સમાજ માટે અવાજ ઉઠાવ્યો છે. શહેરમાં બેનરો સામે સવર્ણો દ્વારા થયેલું આ પ્રથમ આંદોલનાત્મક કદમ છે.

રાજપુત સમાજની વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો. અગ્રણીઓએ એકઠા થઈને બેનરો સાથે જામનગરની રાજપુત સેવા સમાજના હોદ્દેદારો, જામનગર શહેર-જિલ્લા રાજપુત યુવા સંઘના શહેર પ્રમુખ હિતેન્દ્રસિંહ જાડેજા, જિલ્લા પ્રમુખ જગદીશસિંહ જાડેજા, રાજપુત કરણી સેનાના ગુજરાત અધ્યક્ષ વીરભદ્રસિંહ જાડેજા, ઉપાધ્યક્ષ દોલુભા જાડેજા વગેરેએ કલેક્ટર કચેરીના પ્રાંગણમાં બેનરો સાથે રોષભેર પ્રદર્શન યોજીને જિલ્લા કલેક્ટર પી. બી. પંડયાને રૂબરુ મળીને આવેદન આપી જણાવ્યું હતું કે, યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન એક્ટ-૨૦૨૬ના સુધારા વિધેયકમાં કેમ્પસમાં વિદ્યાર્થીઓને સમાનતા અધિકાર, જાતિ-ધર્મના ભેદભાવ નિતિથી સવર્ણ વિદ્યાર્થીઓને અધિકારથી વંચિત રાખી સરકાર દ્વારા સવર્ણ સમાજના વિદ્યાર્થીની ઉચ્ચ અને ઉજ્જવળ કારકીર્દીથી વંચિત રાખવાના મનસ્વી નિર્ણય સામે અમારો વિરોધ છે.

## દ્વારકા જિલ્લામાં જુગારના વધુ આઠ દરોડામાં ૨૩ શખ્સની અટકાયત

દ્વારકા : દ્વારકા જિલ્લામાં પોલીસે ચોક્કસ બાતમીના આધારે વધુ આઠ જગ્યાએ જુગાર અંગેના દરોડા પાડ્યા હતા જેમાં ૨૩ શખ્સને ઝડપી લઈ સ્થળપરથી કુલમળી રૂ. ૭૩ હજાર ઉપરાંતની મતા કબ્જે લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રથમ દરોડો દ્વારકા તાલુકાના આરંભડા ગામની સીમમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા મુળુભા માણસીભા કેર, માણસીભા મુળુભા કેર, નાયાભા આલાભા માણેક, વલીમામદ નુરમામદ બોલીમ, ઈશાક હનીફભાઈ અને અબ્બાસ દાઉદભાઈ ઉઢા નામના ૬ શખ્સને મીઠાપુર પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૨૧૮૦૦ની રોકડ રકમ તેમજ રૂ. ૨૧ હજારની કિંમતના ૬ નંગ મોબાઈલ ફોન અને રૂ. ૨૫ હજારની કિંમતનું મોટરસાયકલ સહિત કુલમળી રૂ. ૬૭૮૦૦ નો મુદામાલ કબ્જે કર્યો હતો.

બીજો દરોડો કલ્યાણપુર તાલુકાના ભોગાત ગામે જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા પાલાભાઈ દેશુરભાઈ કરંગીયા, જેઠાભાઈ કરસનભાઈ ભાચકન, બળદેવસિંહ ભીખુભા વાઢેર નામના ત્રણ શખ્સને સ્થાનિક પોલીસે રૂ. ૧૦૦૬૦ ની રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા.

ત્રીજો દરોડો ભોગાત ગામમાં જ અન્ય એક દરોડામાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા વકુભાઈ કાનાભાઈ કંડોરીયા, જગાભાઈ રામશીભાઈ કરંગીયા અને કરસનભાઈ અરશીભાઈ આંબલીયા નામના ત્રણ શખ્સને સ્થાનિક પોલીસે રૂ. ૩૬૩૦ની રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા. ચોથો દરોડો કલ્યાણપુર તાલુકાના રાવલ ગામે જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા મુકેશભાઈ વશરામભાઈ મારૂ, રામદેભાઈ ભીમાભાઈ સોલંકી અને નાથાભાઈ સુકાભાઈ ગામી નામના ત્રણ શખ્સને સ્થાનિક પોલીસે રૂ. ૭૨૦ની રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા.

પાંચમો દરોડો ભાટીયા ગામમાં જ પોલીસે અન્ય એક દરોડો પાડી જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા રમેશભાઈ ગોપાલભાઈ કારીયા અને જયેશભાઈ કાનાભાઈ થારૂ નામના બે શખ્સને રૂ. ૬૫૦ ની રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા. છઠ્ઠો દરોડો ખંભાળિયા શહેરમાં ધરાનગર વિસ્તારમાં જાહેરમાં ચલણી નોટો ઉપર એકીબેકી નામનો જુગાર રમતા રાજેશભાઈ સવજીભાઈ કણજારીયા અને રમેશભાઈ વાલજીભાઈ ચોપડા નામના બે શખ્સને સ્થાનિક પોલીસે રૂ. ૨૨૦ની રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા.

સાતમો દરોડો દ્વારકામાં નરસંગ ટેકરી વિસ્તારમાં જાહેરમાં ચલણી નોટો ઉપર એકીબેકી નામનો જુગાર રમતા રવજી ખીમાભાઈ પરમાર અને જીતુ દેવાભાઈ મકવાણા નામના બે શખ્સને સ્થાનિક પોલીસે રૂ. ૨૮૦ની રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા.

આઠમો દરોડો જ્યારે આજ વિસ્તારમાં જાહેરમાં ચલણી નોટો ઉપર એકીબેકી નામનો જુગાર રમતા રૂખડભા ભીખાભા માણેક અને કાનાભા ગજુભા માણેક નામના બે શખ્સને રૂ. ૨૮૦ની રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા.

## જામનગરમાં યુવાનનું ચક્કર આવ્યા બાદ સારવારમાં મૃત્યુ

જામનગર : જામનગરના એરફોર્સ રોડ, બાલાજી પાર્ક-૨ વિસ્તારમાં રહેતા એક યુવાનને પેટમાં બળતરા તથા ચક્કર આવતાં સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, અર્જુન રસીકભાઈ રાઠોડ નામના ૨૨ વર્ષીય યુવાનને તા.૧૨ના રોજ પેટમાં બળતરા તેમજ ચક્કર આવતાં સારવાર માટે જી.જી. હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તેનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે અર્જુનના ભાઈ રવી રસીકભાઈ રાઠોડ દ્વારા પોલીસને જાણ કરવામાં આવતાં સીટી-સી ડિવિઝન પોલીસે અકસ્મિક મોત અંગે નોંધ કરી વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ એચ.એ. પરમાર દ્વારા હાથ ધરવામાં આવી છે.

## ભૂચર મોરી ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને અનુલક્ષી સ્વચ્છતા મહાઅભિયાન



જામનગર : જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં આવેલ ઐતિહાસિક સ્થળ ભૂચર મોરી ખાતે આ વર્ષે જિલ્લા કક્ષાના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી થનાર છે. રાષ્ટ્રીય પર્વની ઉજવણીને અનુલક્ષીને જામનગર જિલ્લા કલેક્ટર પી.બી.પંડયાના માર્ગદર્શન હેઠળ ધ્રોલ નગરપાલિકા દ્વારા તમામ વોર્ડ ૧ થી ૭માં વ્યાપક સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

આ અભિયાન અંતર્ગત મુખ્ય માર્ગો, જાહેર રસ્તાઓ, જાહેર સ્થળો, સરકારી કચેરીઓની આસપાસના વિસ્તારોમાં સફાઈ કામગીરી કરવામાં આવી હતી. શહેરને સ્વચ્છ, સુંદર અને સુવ્યવસ્થિત બનાવવા માટે સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે.

તાજેતરમાં રાજ્યના વિવિધ વિસ્તારોમાં ચાંદીપુરા વાયરસ અંગે સતર્કતા રાખવામાં આવી રહી છે, ત્યારે ધ્રોલ નગરપાલિકા દ્વારા આરોગ્યલક્ષી પગલાં પણ લેવામાં આવ્યા છે.

જેના ભાગરૂપે શહેરના વિવિધ વિસ્તારોમાં ફોગિંગ કામગીરી કરવામાં આવી હતી તેમજ મચ્છરજન્ય અને અન્ય ચેપી રોગોના નિયંત્રણ માટે દવાઓનો છંટકાવ કરવામાં આવ્યો હતો. નાગરિકોના આરોગ્યની સુરક્ષા અને સ્વચ્છ વાતાવરણ જળવાઈ રહે તે માટે આ કામગીરી સતત ચાલુ રાખવામાં આવી રહી છે.

ધ્રોલ નગરપાલિકાએ નાગરિકોને પણ સ્વચ્છતા જાળવવા, ઘરની આસપાસ પાણી ભરાઈ ન રહે તે માટે તકેદારી રાખવા તથા જાહેર સ્થળોને સ્વચ્છ રાખવામાં સહયોગ આપવા અપીલ કરી છે.

## જામનગરમાં પાર્ક કરેલ બીએમડબલ્યુ કારમાં શખ્સે ધોકા મારી કાચ તોડી નાખ્યા

જામનગર : જામનગરના રામેશ્વરનગર વિસ્તારમાં પાર્ક કરાયેલી બીએમડબલ્યુ કારમાં સ્ટીલના પાઈપ અને ધોકા વડે તોડફોડ કરી રૂ.૬૦ હજારથી વધુનું નુકસાન કર્યાની રાવ સાથે મામલો પોલીસ મથકે પહોંચતા પોલીસે આરોપી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

શહેરના રામેશ્વરનગર, મધુરમ રેસિડેન્સીમાં રહેતા અને ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા પ્રદ્યુમ્નસિંહ પ્રવિણસિંહ જેઠવા (ઉ.વ.૪૭)એ આરોપી જયપાલસિંહ ચુડાસમા વિરુદ્ધ નુકસાન પહોંચાડ્યા મામલે ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવાયા અનુસાર તા.૧૩ ઓગસ્ટના બપોરના આશરે દોઢ વાગ્યાના અરસામાં ફરિયાદી પોતાના ઘરે હાજર હતા ત્યારે આરોપી જયપાલસિંહ રાણા ત્યાં ધસી આવ્યો હતો અને બહાર પાર્ક કરેલી ફરિયાદીની બીએમડબલ્યુ કારમાં સ્ટીલના પાઈપ તથા ધોકા વડે તોડફોડ કરી આતંક મચાવ્યો હતો.

ફરિયાદી ધર્મરાજસિંહ સાથે રામેશ્વરનગર, નવજીવન સોસાયટી શેરી નં.૨ના કોમન પ્લોટમાં પહોંચ્યા હતા. ત્યાં પોતાની ગ્રે રંગની બીએમડબલ્યુ કાર, રજીસ્ટ્રેશન નં. જીજે-૧૮-ઈએ-૨૯૯૦ના આગળ તથા પાછળના બંને કાચ તેમજ ડાબી બાજુના બંને કાચ તૂટેલી હાલતમાં જોવા મળ્યા હતા. ઉપરાંત ડ્રાઈવર સીટ તરફના દરવાજાની આગળની બાજુએ ગોબો પડેલો હોવાનું પણ જણાયું હતું. જયપાલસિંહ ચુડાસમાને જયપાલસિંહ રાણા સાથે બોલાચાલી ચાલતી હતી અને તે દરમિયાન ત્યાં પાર્ક કરેલી પોતાની બીએમડબલ્યુ કારના ચારેય કાચ સ્ટીલના પાઈપ તથા ધોકા વડે તોડી નાખવામાં આવ્યા હતા તેમજ દરવાજામાં ગોબો પાડી રૂ.૬૦ હજારથી વધુનું નુકસાન કરવામાં આવ્યું હતું. ફરિયાદના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગર એલસીબીના એએસઆઈની રાષ્ટ્રપતિ પોલીસ ચંદ્રક માટે પસંદગી



જામનગર : સ્વતંત્રતા દિવસ-૨૦૨૬ નિમિત્તે પોલીસ સેવામાં વિશિષ્ટ અને પ્રશંસનીય કામગીરી બદલ આપવામાં આવતા રાષ્ટ્રપતિ પોલીસ ચંદ્રક માટે ગુજરાતના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની પસંદગી કરવામાં આવી છે. જેમાં જામનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા સહાયક પોલીસ સબ ઈન્સ્પેક્ટર (એએસઆઈ) નાનજીભાઈ પટેલની પસંદગી કરવામાં આવી છે.

પોલીસ સેવામાં ફરજ દરમિયાન નિષ્ઠા, કાર્યદક્ષતા અને વિશિષ્ટ કામગીરી બદલ એએસઆઈ નાનજીભાઈ પટેલને મળેલું આ સન્માન જામનગર પોલીસ પરિવાર માટે ગૌરવની વાત છે. સ્વતંત્રતા દિવસના રાષ્ટ્રીય પર્વ નિમિત્તે જાહેર થયેલી આ પસંદગીથી જામનગર પોલીસ બેડામાં આનંદની લાગણી પ્રસરી છે. પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ સહિત તેમના સાથીદારો દ્વારા નાનજીભાઈ પટેલને અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

## જામનગરના વોર્ડ નં. ૩માં યોજાઈ ત્રિરંગા યાત્રા




જામ્યુકોના વોર્ડ નં. ૩માં તિરંગાયાત્રા નિકળી હતી. જેમાં સ્થાનિક કોર્પોરેટર સુભાષ જોશી, રાજુ યાદવ, કૃષ્ણાબા જાડેજા અને હેતલબેન અમેથીયા તથા શહેર ભાજપના પૂર્વપ્રમુખ વિમલ કગથરા અને ભાજપના કાર્યકરો ઉપરાંત બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતાં.

## જામનગરમાં પિતાએ પુત્ર વિરુદ્ધ પોલીસમાં અરજી કરતાં ધમકી આપી

જામનગર : જામનગરના પુનિતનગર વિસ્તારમાં આશાપુરા માતાના મંદિર બહાર પિતાએ પોતાના પુત્ર વિરુદ્ધ અગાઉ પોલીસમાં અરજી કરી હોવાના ખાર રાખી પુત્રે પિતાને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

શહેરના પુનિતનગરમાં આશાપુરા માતાના મંદિર પાસે રહેતા અને વેપાર કરતા રતુભા હનુભા જાડેજા પોતાના ઘર પાસે આવેલા આશાપુરા માતાના મંદિરે પૂજા કરી બહાર નીકળ્યા હતા તે સમયે તેમનો નાનો પુત્ર દિવ્યરાજસિંહ જાડેજા રોડ પર ઊભો હતો. ત્યારે પિતાને કહેલ 'તમે મારી વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં અરજી કેમ કરી હતી?' તેમ પૂછતાં રતુભાએ અગાઉ તેમની સાથે બોલાચાલી અને ઝઘડો કરતો હોવાથી અરજી કરી હોવાનું જણાવ્યું હતું. આ બાબતે દિવ્યરાજસિંહ ઉશ્કેરાઈ ગયો હતો અને પિતાને જેમફાવે તેમ ગાળો આપવા લાગ્યો હતો. ત્યારબાદ તેણે 'તને જાનથી મારી નાખવો છે' તેવી ધમકી આપી બોલાચાલી અને ઝઘડો કર્યો હતો.

દરમિયાન આસપાસના લોકો એકત્ર થઈ જતાં દિવ્યરાજસિંહ ત્યાંથી જતો રહ્યો હતો. જેથી પિતા રતુભા જાડેજાએ દિવ્યરાજસિંહ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## જામનગરમાં ટી.બી.ની બીમારીમાં સપડાયા બાદ વૃદ્ધનું મૃત્યુ

જામનગર : જામનગરના એમ.પી. શાહ ઉદ્યોગનગર, સરૂ સેક્શન રોડ વિસ્તારમાં રહેતા એક વૃદ્ધનું ટી.બી.ની બીમારીની સારવાર દરમિયાન જી.જી. હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ મૂળ તામિલનાડુના તિરુનેલવેલીના વતની અને હાલ એમ.પી.શાહ ઉદ્યોગનગર ખાતે રહેતા એન્ટોની જયશીલન એન્ટોનીમુથુ (૬૩), તેઓ ટી.બી.ની બીમારીથી પીડાતા હોવાથી સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે પ્રકાશભાઈ શંકરલાલ નથવાણી દ્વારા પોલીસને જાણ કરવામાં આવતાં સીટી 'બી' ડિવિઝન બનાવ અંગે એ.એસ.આઈ. પી.કે. ગુઢકા દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ભારતના ૮૦માં સ્વતંત્ર દિવસ નિમિત્તે ઓખામંડળ સહિત દરેક દેશવાસીઓને હાર્દિક શુભકામનાઓ...
અમી સ્વીટ્સ
શુધ્ધ,સ્વાદિષ્ટ અને તાજી મીઠાઇ, ફરસાણ,ચોકલેટ, કેક અને ગરમા-ગરમ નાસ્તા માટે પધારો
મેઇન બજાર, રેલ્વે સ્ટેશન સામે, ઓખાપોર્ટ.

ભારતના ૮૦માં સ્વતંત્ર દિવસ નિમિત્તે ઓખામંડળ સહિત દરેક દેશવાસીઓને હાર્દિક શુભકામનાઓ...
શ્રી જોધપુર સ્વીટ્સ
અમારે ત્યાંથી અમારા દ્વારા બનાવાયેલી શુધ્ધ અને તાજી બંગાળી મીઠાઇઓ અને ફરસાણ મળશે
શ્રી રામ મંદિર પાસે, હાઇવે રોડ, સુરજકરાડી.

ભારતના ૮૦માં સ્વતંત્ર દિવસ નિમિત્તે ઓખામંડળ સહિત દરેક દેશવાસીઓને હાર્દિક શુભકામનાઓ...
કેર કન્સ્ટ્રક્શન
પ્રો.બાલુભા કેર
સરકાર માન્ય સીવીલ કોન્ટ્રાકટર
આઝાદી અમર રહો
........મુ.ઓખા........

ભારતના ૮૦માં સ્વતંત્ર દિવસ નિમિત્તે ઓખામંડળ સહિત દરેક દેશવાસીઓને હાર્દિક શુભકામનાઓ...
JIMIT HOLIDAYS
CAMP SITE-BET DWARKA.
Contact Mr.Ajay Rathod 8511645195

Education camp, Bird watching, Dolphin watching, Boating. Camp fire, full facilities of lunch,Dinner & Snack. Garba & Dance on DJ.. COME & ENJOY

આઝાદી અમર રહો
ભારતના ૮૦માં સ્વતંત્ર દિવસ નિમિત્તે ઓખામંડળ સહિત દરેક દેશવાસીઓને હાર્દિક શુભકામનાઓ...
ઓખા મંડળ સિંધી સમાજ

તથા જ્ઞાતિના તમામ સદસ્યો મુ. ઓખા-સુરજકરાડી.
:: પ્રમુખ ::
શ્રી ભરતભાઇ મૂલચંદ કારિયા

ભારતના ૮૦માં સ્વતંત્ર દિવસ નિમિત્તે દેવભૂમિ દ્વારકા સહિત દરેક દેશવાસીઓને હાર્દિક શુભકામનાઓ...

શ્રી ઉમેદગીરી આર. ગોસ્વામી
પ્રમુખઃ ગુજરાત શ્રી શિવ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ
અનેક એવોર્ડ તથા પ્રમાણપત્રોની સન્માનિત સંસ્થા
મો.૯૮૨૪૭ ૬૨૮૭૫★ દેવભૂમિ દ્વારકા

Happy 80th Independence Day
to all indians
ભારતના ૮૦માં સ્વતંત્ર દિવસ નિમિત્તે ઓખામંડળ સહિત દરેક દેશવાસીઓને હાર્દિક શુભકામનાઓ...
તાતા કેમ.કો. ઓપરેટીવ સ્ટોર્સ લી.
સંસ્થાના તમામ હોદ્દેદાર અને કર્મચારી ગણ
ઝંડા ચોક સામે, મીઠાપુર

આઝાદી અમર રહો આઝાદી અમર રહો
ભારતના ૮૦માં સ્વતંત્ર દિવસ નિમિત્તે ઓખામંડળ સહિત દરેક દેશવાસીઓને હાર્દિક શુભકામનાઓ...
શ્રી જયંતિભાઇ મોભેરા
મુ.સુરજકરાડી-ઓખામંડળ.
સરકાર માન્ય સીવીલ કોન્ટ્રાકટર

ભારતના ૮૦માં સ્વતંત્ર દિવસ નિમિત્તે ઓખામંડળ સહિત દરેક દેશવાસીઓને હાર્દિક શુભકામનાઓ...
VEER construction
સરકાર માન્ય સિવિલ કોન્ટ્રાકટર દ્વારકા (ઓખામંડળ)

શ્રી કાડુભા મકવાણા

Celebrating 80th Independence day
15th August 2026
A sustainable tomorrow begins with responsible choices today. Together, we power a cleaner future for our communities and our planet.
TATA
TATA CHEMICALS

આઝાદી અમર રહો
ભારતના ૮૦માં સ્વતંત્ર દિવસ નિમિત્તે ઓખામંડળ સહિત દરેક દેશવાસીઓને હાર્દિક શુભકામનાઓ...
અવધ ઈન્ડસ્ટ્રીઝ
જીઆઇડીસી ફેસ-૨, પ્લોટ નં.૩૧, આરંભડા, તા.દ્વારકા.



આઝાદી અમર રહો
ભારતના ૮૦માં સ્વતંત્ર દિવસ નિમિત્તે દેવભૂમિ દ્વારકાની પ્રજા સહિત દરેક દેશવાસીઓને હાર્દિક શુભકામનાઓ...
રૂક્ષ્મણી મંદિર પુજારી પરિવાર-દ્વારકા

અરૂણભાઇ મગનલાલ દવે

કલ્પનાબેન અરૂણભાઇ દવે

કંદર્પભાઇ અરૂણભાઇ દવે

ઝરણાબેન કંદર્પભાઇ દવે